
# પોરબંદરમાં પૂર્ણયોગનું મંડાણ




શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ
અમદાવાદ.

# પોરબંદરમાં
# પૂર્ણયોગનું
# મંડાણ








Sri Aurobindo Society

Porbandar Branch

Blessings

# પોરબંદરમાં પૂર્ણયોગનું મંડાણ

શ્રી અરવિન્દ સોસાયટીના ઉદ્‌ઘાટન નિમિત્તે આપેલાં આઠ પ્રવચન




**શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ**

અમદાવાદ.

PORBANDARMAAN PURNAYOGANUN MANDAAN
By : Sri Sundaram
Published by : Sri Aurobindo Krupa Trust

પ્રકાશક :
શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ
'માતૃભવન'
૮૭, સ્વસ્તિક સોસાયટી-B
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

© શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ

પ્રથમ આવૃત્તિ : 2014

પ્રત : 1000

કિંમત : 15

કૉમ્પ્યુટર ટાઈપસેટીંગ :
અશ્વિન જે. વઘાસિયા
M. : 9979995555

મુદ્રક :
લા-મેર પ્રિન્ટરી
259, અર્પણ
વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ.

પૃથ્વી માટે, માનવજાતિ માટે,અને
દરેક માનવમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજી
શું કાર્ય કરી રહ્યાં છે એ સમજવા માગતા
સર્વ જિજ્ઞાસુઓને
આ
પુસ્તિકા

**અર્પણ**

# પૂર્ણયોગ અને શ્રી માતાજી

**બાળકોનો પ્રશ્ન હોય છે** : ''હું ક્યાંથી આવ્યો?''

આપણા તરફથી : ''ભગવાને તને બનાવ્યો બેટા!''

: ''ભગવાનને કોણે બનાવ્યા?''

: ''એમનાથી મોટા ભગવાને!''

: ''અને એમને?''

: ''એમનાથી પણ મોટા...''

અને છેવટે આપણે એને કહીએ છીએઃ ''તું મોટો થાય ત્યારે એ મોટામાં મોટા ભગવાનને પૂછજે.''

મોટાં થયેલાં અમુક બાળકોના મનમાં પ્રશ્નોની આવન-જાવન થતી રહે છેઃ 'આપણે ક્યાંથી આવ્યાં – કેમ આવ્યાં – શું કરવાનું છે – આપણા અસ્તિત્વનો કોઈ ગૂઢ અર્થ ખરો? કે પછી, આ પૃથ્વી પરના ભૌતિક જીવનના આનંદ-દુઃખના અનુભવ લઈ, પૃથ્વી-પ્રકૃતિની સુંદરતા શક્ય તેટલી માણી લઈ પૃથ્વી ઉપરથી, જગતમાંથી અદશ્ય થઈ જવાનું?'

જે 'મોટાં-બાળકો' આ પ્રશ્નમાળા ઉપર ઊંડાણમાં મનન કરતાં રહે છે, જે આ પ્રશ્નોના ઉત્તર મેળવવા જરૂરી પ્રયત્નો – સાધના – કરવા કમર કસે છે, તેમને ચોક્કસ પણે શ્રી અરવિન્દના પૂર્ણયોગ માટેના ઉમેદવાર કહી શકાય.

પણ એમણે શરૂઆતમાં જ પાકું જાણી લેવાનું કે પૂર્ણયોગની સાધના વ્યક્તિ પોતે નહિ કરી શકે, એ તો શ્રી માતાજી જ કરાવી શકે.

અને તરત પ્રશ્નો ઉભા થાય છેઃ શ્રી અરવિન્દનો પૂર્ણયોગ શું છે? શ્રી માતાજી કોણ છે ? શ્રી અરવિન્દ કોણ છે? તેઓ શું કરે છે?

✤

શ્રી માતાજી શ્રી અરવિન્દની કાર્યશક્તિ છે. પાર્શ્વમાં રહીને શ્રી અરવિન્દ શ્રી માતાજીને વિચાર – પ્રેરણા – શક્તિ મોકલે છે, અને શ્રી માતાજી તે સિદ્ધ કરે છે.

તો, શ્રી અરવિન્દનું વિચાર-બ્રહ્માંડ, જે થોડું સમજાય એટલું સમજવા માટે, અને શ્રી માતાજી માનવમાં – જગતમાં – સમગ્ર સૃષ્ટિમાં કેવી રીતે કાર્ય કરે છે એ જાણવા માટે, આ સરળ સુ-સરળ ભાષામાં અપાયેલાં પ્રવચનોની પુસ્તિકા વાંચી જવાનું વિચારો.

૧૯૬૮માં, 'શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર બ્રાન્ચ'ની સ્થાપના પ્રસંગે ગુજરાતના મૂર્ધન્ય કવિ – લેખક – અને શ્રી અરવિન્દ પથના સાધક શ્રી સુન્દરમે આપેલાં આઠ પ્રવચનો ભાઈ ચંદ્રકાન્ત પટેલે નોંધી લીધેલાં અને તે હવે ૪૫ વર્ષ પછી પુસ્તિકા સ્વરૂપે નવા ઉત્સુકો, અભીપ્સુઓ માટે લભ્ય બને છે.

...આટલું વાંચ્યા પછી વાચકોની વિચારમાળા વધતી રહે – લંબાતી રહે અને અંતે શ્રી માતાજી અને શ્રી અરવિન્દની નિકટ લઈ જાય એમ ઇચ્છીએ.

કદાચ, તમે આ વાંચી રહ્યા છો એ પણ તમારી પ્રગતિ માટે શ્રી માતાજીનું સૂક્ષ્મ કાર્ય હોઈ શકે ને?

**अस्तु ।**

**श्री अरविन्द: शरणं मम:।।**

**मा मीरा शरणं मम:।।**

**- સુધા સુન્દરમ્**

૩૦.૭.૨૦૧૪

શ્રી અરવિન્દ આશ્રમ
પોંડિચેરી.
મો. ૯૭૯૧ ૯૬૯૧ ૬૦



H

# પ્રસ્તાવના

શ્રી અરવિન્દ સોસાયટી, પોરબંદર બ્રાન્ચની સ્થાપના સમયે શ્રી માતાજીનું અવતરણ, "Have faith and He will do everything for you." આત્મસાત થયું જે આપણને શ્રી સુન્દરમ્ સાથે ઘટેલી ઘટના દ્વારા અનુભવાય છે.

શ્રી સુન્દરમ્ શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર બ્રાન્ચ માટે શ્રી માતાજીએ આપેલા આશીર્વાદ સાથે તા. ૦૩-૦૪-૧૯૬૮ના રોજ માંગરોળથી પોરબંદર આવતા હતા. જેમના ઘરે શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર બ્રાન્ચની સ્થાપના થવાની હતી તે શ્રી અમુભાઈ ઠકરારે પોતાનું અંગત વાહન શ્રી સુન્દરમ્‌ને લેવા માટે માંગરોળ મોકલ્યું હતું. પરંતુ પુરાણ કથામાં આવે છે કે જ્યાં યજ્ઞ થતો હોય ત્યાં અસુરો અડચણો ઉત્પન્ન કરે છે, તે રીતે અમુભાઈની કારનું માંગરોળ પહેલાં શીલની ખાડી ઉપર અકસ્માત થાય છે. અકસ્માતમાં કારનું એન્જીન કારની અંદર આગળની ડ્રાયવર સીટ તરફ આવી ગયું હતું. કાર કાગળના ડુચાની જેમ ભાંગી ગઈ હતી. છતાં પણ કારની અંદર બેઠેલા એક પણ પેસેન્જરને ફ્રેકચર થયું ન હતું, માત્ર સામાન્ય ઈજા પહોંચી હતી.

ઉપરોક્ત અકસ્માતના સમાચાર શ્રી અમુભાઈને મળ્યા, એટલે એમણે ટેલી કમ્યુનિકેશનના ટાંચા સાધનો વચ્ચે પોરબંદરથી લાઈટનીંગ કૉલ જોડી માંગરોળ શ્રી સુન્દરમ્‌ના યજમાનને જાણ કરી કે શ્રી સુન્દરમ્‌ને સ્પેશ્યલ ટેક્સિ દ્વારા પોરબંદર પહોંચાડે. માંગરોળવાળા યજમાન જણાવે છે કે માંગરોળ નાનું શહેર હોઈ ટેક્સિનો પ્રબંધ કરવો મુશ્કેલ છે. પરંતુ એ જ રાત્રે માંગરોળ પોરબંદરની વચ્ચે રાત્રિ બસ શરૂ થાય છે તેમાં શ્રી સુન્દરમ્‌ને બેસાડી દેશે.

શ્રી સુન્દરમ્ રાત્રિ બસમાં બેસે છે. આશ્ચર્યની બાબત એ છે કે આખી બસમાં સુન્દરમ્ સિવાય એક પણ પેસેન્જર નથી, ફક્ત ડ્રાયવર કન્ડક્ટર જ છે.

બીજું આશ્ચર્ય એ છે કે રાત્રિ બસની આ પહેલી અને છેલ્લી ટ્રિપ છે. આ ટ્રિપ પછી રાત્રિ બસની એક પણ ટ્રિપ થઈ નથી. આ શ્રી માતાજીની કૃપા છે કે જ્યાં ટેક્સિ ઉપલબ્ધ ન હતી ત્યાં સ્પેશ્યલ બસની વ્યવસ્થા કરી આપી.

શ્રી સુન્દરમ્ તા. ૦૩-૦૪-૧૯૬૮ના સાંજે ૫ વાગ્યે પોરબંદર પહોંચવાના હતા. તેને બદલે તા. ૦૪-૦૪-૧૯૬૮ના રોજ સવારે ૫ વાગ્યે પોરબંદર પહોંચે છે. શ્રી અરવિન્દનું પોંડિચેરીમાં આગમન ૪ એપ્રિલના રોજ થયું હતું. તે મુજબ શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર બ્રાન્ચના આશીર્વાદનું આગમન પણ ૪ એપ્રિલના રોજ થયું.

તા. ૦૩-૦૪-૧૯૬૮ના અકસ્માતને ભૂલી સર્વે સાધકો શ્રી સુન્દરમ્‌ની હાજરીમાં નિયત સમયે શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપનાના ઉત્સવ એટલે કે મહા પ્રભુ શ્રી અરવિન્દ અને કરુણામયી માના સ્વાગતમાં ઉત્સાહપૂર્વક જોડાઈ ગયા. પ્રત્યેક સાધકના હૃદયમાં આનંદ અને ઉત્સવનો ઉત્સાહ હતો. પરમ પ્રભુની દિવ્ય ચેતનાને ગ્રહણ કરવા સર્વે સાધકો બાહ્ય જગતને સંપૂર્ણપણે વિસારીને દિવ્યચેતનામાં એકરૂપ થઈ ગયા હતા.

સાધકોની આ અનુભૂતિ શ્રી સુન્દરમ્‌ના ઉદ્‌ઘાટન પ્રવચનમાં અભિવ્યક્ત થઈ. શ્રી સુન્દરમ્ જણાવે છે, ‘‘આશીર્વાદ ફક્ત શબ્દો નથી, તેમ જ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના ફોટા ફક્ત ફોટા નથી, પરંતુ શ્રી અરવિન્દ અને શ્રી માતાજી સ્વયં પધાર્યાં છે. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને સાધક ફક્ત પુષ્પ અર્પણ કરતા નથી પરંતુ પુષ્પ સાથે સાધક પોતાનું કંઈક અંગત તત્ત્વ પણ અર્પણ કરે છે.’’ સુન્દરમે જે ઉદ્‌બોધન કર્યું છે તે મુજબની પ્રત્યેક સાધકની અનુભૂતિ હતી. પ્રત્યેક સાધક-હૃદય શ્રી અરવિન્દને અનુભવતું હતું અને આ જ પ્રાર્થનાનું સતત ગાન કરતું હતું.

નિયત સમયે શ્રી સુન્દરમે શ્રી અરવિન્દ સોસાયટીની બ્રાન્ચની સ્થાપનાનો દીપ પ્રગટાવ્યો અને પ્રત્યેક સાધકે પોતાના હૃદયમાં પરમ પ્રકાશનું પ્રાગટ્ય થતું હોય તેવું અનુભવ્યું. આ અનુભૂતિ દ્વારા સોસાયટીના સ્થળનું સમગ્ર વાતાવરણ દિવ્ય પ્રકાશથી આલોકિત થઈ ગયું હતું.

ઉદ્‌ઘાટન થયા બાદ શ્રી સુન્દરમ્‌નું જાહેર પ્રવચન જ્યાં શ્રી સુન્દરમ્ અને સાધકોનો ઉતારો હતો ત્યાં હતું. આ ઉતારાને શ્રી સુન્દરમ્ શિબિરની છાવણી કહે છે. સામાન્ય રીતે છાવણી તો લશ્કરની હોય છે. આ છાવણીનો અર્થ સમજાવતાં શ્રી સુન્દરમ્ સમજાવે છે કે આ યોગ પણ યુદ્ધ સમાન છે જેમાં દરેક સાધકે તેના જીવનમાં આવતા આસુરી તત્ત્વો સાથે લડવાનું હોય છે. જે રીતે કુરુક્ષેત્રમાં અર્જુનના સારથિ શ્રીકૃષ્ણ હતા, તે રીતે પૂર્ણયોગના સાધકે પોતાના જીવનરથના સારથિ તરીકે શ્રી અરવિન્દની સ્થાપના કરવાની છે. શ્રી અરવિન્દ સારથિ તરીકે સ્થાપિત થાય પછી વિજય નિશ્ચિત છે જ. આ નિશ્ચિતતા શ્રી સુન્દરમ્ ગીતાના શ્લોક દ્વારા સમજાવે છેઃ

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।।
[ગીતા : અ. ૧૮, શ્લોક ૭૮]

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધારી અર્જુન છે ત્યાં શ્રી છે, ત્યાં વિજય છે, ત્યાં ઐશ્વર્ય છે અને ત્યાં અવિચળ સત્-ધર્મ છે.

ઉતારાના સ્થળે સુન્દરમે તા. ૦૪-૦૪-૧૯૬૮ના સાંજે જાહેર પ્રવચનમાં શ્રી અરવિન્દ આશ્રમ, શ્રી અરવિન્દ સોસાયટી, અને શ્રી અરવિન્દનો પૂર્ણયોગ લોકોના મનને આંજી નાખે તેવી ભાષામાં નહીં, પરંતુ મનને માંજી નાખી હૃદય સોંસરવું ઊતરે એવી મર્મ સ્પર્શી ભાષામાં આપ્યું. એમણે દૃષ્ટાંત આપી સમજાવ્યું કે શ્રી અરવિન્દની સાધના બાહ્ય જગતના અવાજોથી દૂર જઈ, ગુફામાં બેસી જઈ કરવાની નથી. પરંતુ સાધકે બાહ્ય અવાજોથી વિચલીત થયા વિના પોતાના આંતરિક અવાજ દ્વારા બાહ્ય અવાજોને ધ્યાનનું અંગ બનાવવાનાં છે.

શ્રી સુન્દરમ્ આ જગતને સમજાવતાં જણાવે છે, ‘‘શ્રી અરવિન્દ કહે છે કે જો આ જગતને ભગવાને બનાવ્યું છે તો પોતાની બનાવેલી વસ્તુને અનિત્ય અને અસુખમય ભગવાન કેવી રીતે કરે. માયાવાદી કે જગતમાં થાકેલો ભલે કહે.’’

શ્રી સુન્દરમે વિશેષમાં સમજાવ્યું કે આ જગત અતિમનસ ચેતનામાં રૂપાંતરિત થવા સર્જાયેલું છે, માયાવાદીઓને સમર્થન આપવા માટે નહીં. ત્યાર બાદ શ્રી સુન્દરમે અતિમનસ જગત અને સત્, ચિત્, આનંદની સરળ ભાષામાં વિષદ છણાવટ કરી આપી.

તા.૦૫-૦૪-૧૯૬૮ના સવારના જાહેર પ્રવચનમાં શ્રી સુન્દરમે પૂર્ણયોગની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ એ વિષય ઉપર સુંદર છણાવટ કરી અને તે દ્વારા પરમાત્મા અને આત્માના સંબંધ વિશે પણ જણાવ્યું.

તા. ૦૫-૦૪-૧૯૬૮ના રોજ સાંજે શાળાના બાળકોને પ્રભુને પ્રાર્થના કેવી રીતે કરવી અને પ્રાર્થના દ્વારા માંગણીને બદલે અભીપ્સા કેવી રીતે અભિવ્યક્ત કરવી તે સમજાવ્યું. પ્રાર્થના દ્વારા આપણે પ્રભુના આશીર્વાદ માંગીએઃ અમને વિદ્યા આપ, જ્ઞાન આપ, ભક્તિ આપ. આ રીતે શ્રી સુન્દરમે બાળકોને સાદી ભાષામાં યોગ કેવી રીતે કરવો તે બાળસહજ રીતે સમજાવ્યું.

શ્રી સુન્દરમે તેમના પ્રત્યેક વક્તવ્યમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનો પૂર્ણયોગ સાધકે પોતાના જીવનમાં આચરણમાં કેવી રીતે મૂકવો તે સમજાવ્યું. આચરણ દ્વારા સાધકે પોતાના પાર્થિવ જીવનનું કેવી રીતે દિવ્ય જીવનમાં રૂપાંતર કરવું તે સમજાવ્યું.

આ પુસ્તક સાધકને સાચા અર્થમાં દિવ્યજીવન પ્રત્યે લઈ જાય તેવી કરુણામયી માને પ્રાર્થના.

સ્થળ : રાજકોટ — હર્ષદ ઠકરાર

તારીખ : ૧૫-૦૮-૨૦૧૪





# અ-નુ-ક્ર-મ


પૃષ્ઠ

**પ્રવચન-૧**

[ આપણે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને બોલાવ્યાં છે – તેઓ આવ્યાં છે – યોગવૃક્ષની ડાળી રોપી છે – માતાજી પોતાનું આખું સ્વરૂપ આપવા માગે છે – માતાજી આગળ આગળ લઈ જશે. ] ૧

**પ્રવચન-૨**

[ લશ્કરની છાવણી, યોગનો શિબિર – શિબિરમાં લડાઈ શરૂ થાય – કોની સાથે લડાઈ? – શ્રી અરવિન્દ જેલમાં મૂકાયા – ત્યાં શ્રીકૃષ્ણે પોતાના ગીતા-યોગ પછીનો યોગ શ્રી અરવિન્દને શીખવાડ્યો. ભગવાન સાથે સંબંધ બાંધવાનો છે. ] ૫

**પ્રવચન-૩**

[ શ્રી અરવિન્દ સોસાયટી કેમ બનાવી – આ શાખામાંથી વૃક્ષ બનશે, ફળ મળશે – પોંડિચેરીમાં આશ્રમ બન્યો – ભગવાનને માનવ ખોળામાં લેવો છે – ગીતા-યોગથી આગળ કંઈક નવીન – શ્રી અરવિન્દે મહાકાવ્ય 'સાવિત્રી' લખ્યું – જગતને ભગવાન સાથે જોડવાનું છે – આશ્રમમાં શું શું થાય છે – યોગમાં માતાજીનું કાર્ય. ] ૧૧

**પ્રવચન-૪**

[ આ યોગ વિમાન જેવો છે, તે બે કામ કરે છે – પૂર્ણયોગની પ્રાપ્તિ માટે શું કરવું? – પ્રકૃતિનું રૂપાંતર કઈ રીતે? ] ૧૯

પૃષ્ઠ

**પ્રવચન-૫**

[ વિદ્યાર્થીઓ સાથે વાતચીત – વીર યોદ્ધા બનજો – સુંદર બનજો – મહાન ગુરુ શ્રી અરવિન્દને સાથે રાખજો – આશીર્વાદ માગજો, પ્રાર્થના કરજો. ] ૨૭

**પ્રવચન-૬**

[ રામ – કૃષ્ણ – રામનું કામ – દેવોની જરૂર – અદિવ્યતા વીંધી નાખવાની છે – મનુષ્યમાં ભગવાનનું દિવ્ય સ્વરૂપ પ્રગટવું જોઈએ. ] ૩૧

**પ્રવચન-૭**

[ શ્રી દેવજીભાઈ – નાના વિદ્યાલયમાંથી મહાવિદ્યાલય – ગતિનું મૂળ હાથમાં જોઈએ – મન અને વાણી – વાણીની શક્તિ – આખું જગત અને સામે ૐ – ગુરુની શક્તિ – યોગશક્તિ – શ્રી માતાજી જ યોગ કરાવે છે. ] ૩૩

**પ્રવચન-૮**

[ જન્મદિવસનું આશ્રમમાં મહત્ત્વ – જીવન, આશ્રમમાં અને આશ્રમની બહાર – અમૃતત્વની સાધના. ] ૩૯



## પ્રવચન

## ૧

શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખામાંઃ
ઉદ્‌ઘાટન પ્રસંગે
૪-૪-૧૯૬૮ / સવારે ૮.૩૦ થી ૯.૩૦

**[ આપણે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને બોલાવ્યાં છે – તેઓ આવ્યાં છે – યોગવૃક્ષની ડાળી રોપી છે – માતાજી પોતાનું આખું સ્વરૂપ આપવા માગે છે – માતાજી આગળ આગળ લઈ જશે. ]**

**અ**હીં મારે ઉદ્‌ઘાટન પ્રવચન કરવાનું છે. પછી વાડી (શ્રી તાજાવાલા લોહાણા મહાજન વાડી) પર મારે જનતા સમક્ષ અહીં સોસાયટીની શાખા ખોલી એને અનુલક્ષી પ્રવચન કરવાનું છે. આમ અહીં જાણે ખાસ પ્રવચન અને ત્યાં આમ જનતા માટે. પહેલાં થિયોસૉફીમાં સીક્રેટ મંડળો રહેતાં. સ્વામી નારાયણમાં પણ કાંઈક એવું છે. આપણા શ્રી અરવિન્દમાં એવું નથી. ત્યાં આશ્રમમાં બધા આવે છે. વિશિષ્ટ કાર્યો કે ક્રિયાઓ બધા કરી શકતા નથી, એટલે કામની વહેંચણી પછી આપોઆપ પડી જાય છે.

આપણે અહીં શ્રી માતાજીની છબી મૂકી, શ્રી માતાજીના ખાસ આશિષ મૂકયા અને શાખા ખોલી. ઘણું મોટું કામ થયું છે. માત્ર કાગળ ઉપર જ કામ નથી થયું.


શ્રી માતાજીએ છબી મોકલી, બ્લેસિંગ્સ મોકલ્યા એ માત્ર અક્ષરો નથી. શ્રી માતાજી પોતે આવ્યાં છે. આપણે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને બોલાવ્યાં છે. શ્રી માતાજી આવ્યાં છે એટલે શું તેનો અર્થ પ્રગટ થશે. ત્યાં એક ઝાડ છે, એની ડાળ અહીં વાવી છે. વડનું બીજ વાવીએ તો ઊગી વૃક્ષ બનતાં વાર લાગે. વડની ડાળ રોપીએ તો તે જલદી વૃક્ષ રૂપે પ્રગટ થાય. અહીં આ અર્થમાં ડાળ રોપી.

એથી આગળ જઈ કહીશું કે શ્રી મા અને શ્રી અરવિન્દ અહીં આવ્યાં એટલે શું? એમની સ્થાપના, એમની પધરામણી એનો શું અર્થ? પછી સમજાશે શ્રી મા શું છે, શ્રી અરવિન્દ શું છે?

આ યોગ શરૂ કરીએ ત્યારે બધાંને અજવાળાં દેખાય છે. પ્રકાશના ઘણા પ્રકાર દેખાય છે. મૂળ પ્રકાશ સફેદ પ્રકાશ છે. મૂળ સફેદ પ્રકાશ એ શ્રી માનો પ્રકાશ છે. ધીરે ધીરે બધું જણાશે. એમનું સાન્નિધ્ય હાજરાહજૂર કહીએ છીએ એ રીતે કામ કરે છે. આવું એક મોટું તત્ત્વ અહીં દાખલ થયું છે. મહેમાન આવે તો આપણે એની સરભરા કરીએ છીએ. અહીં શ્રી માતાજી પહેલાં એક અતિથિ તરીકે આવ્યાં. એઓ આપણા સ્વજન થાય અને પછી આપણો આત્મા બને એમ થવું જોઈએ. માતાજી કહે છે મારી દિવ્યતા – મારું આખું સ્વરૂપ આપવા માગું છું. નવી સૃષ્ટિ રચવા માગીએ છીએ. તે શ્રી માતાજી સાથે ઉપરનો સંબંધ બંધાશે ત્યારે થશે. આપણે બદલાવાના છીએ જ, એ ક્રિયાનો આરંભ થઈ ગયો છે. શ્રી માતાજી સર્વ પ્રક્રિયાઓમાંથી દોરી જશે. આ યોગમાં બહુ બોલવાનું નથી. છબી પર ફૂલો મૂકીએ, સાથે અંતરમાંથી પણ કાંઈક મૂકાવું જોઈએ.

✤





## પ્રવચન

## ૨

શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખાના ઉદ્‌ઘાટન નિમિત્તેઃ
શ્રી તાજાવાળા લોહાણા મહાજન વાડીમાં
૪-૪-૧૯૬૮ / સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦

**[ લશ્કરની છાવણી, યોગનો શિબિર – શિબિરમાં લડાઈ શરૂ થાય – કોની સાથે લડાઈ? – શ્રી અરવિન્દ જેલમાં મૂકાયા – ત્યાં શ્રીકૃષ્ણે પોતાના ગીતા-યોગ પછીનો યોગ શ્રી અરવિન્દને શીખવાડ્યો. – ભગવાન સાથે સંબંધ બાંધવાનો છે. ]**

**આ** નાનકડો શિબિર છે – શિબિરિકા છે. શિબિરમાં માતાજીનો ધ્વજ ચઢાવવામાં આવે છે. આ વખતે ધ્વજ અહીં ફોટા પાસે ફ્રેમમાં મઢાવેલો (ભાવનગરનો) રાખ્યો છે.

લશ્કરની છાવણીને શિબિર કહીએ. આપણે ક્યા ગઢ જીતવાના? આમ તો લાગે કે હું માઈકમાં બોલું છું, આ ભાઈ ઉતારે છે, પછી ખાવા જઈશું વગેરે. આમાં લડાઈ ક્યાં આવી? મને યોગમાં આવ્યા બાદ એ શીખવાનું મળ્યું. અમે સ્વાતન્ત્ર્ય ચળવળ સમય દરમિયાન જેલમાં ગયા છીએ. એનો અમને ઘણો ફાયદો થયેલો. જેઓ નથી ગયા એ ઘણા પાછળ છે. તેઓ અમારાથી ઊતરે. તોપના મોઢા સામે આવે, ત્યાંથી અળગા રહે. બાકી ભાષણોમાં ઉસ્તાદ. અમારા એક મિત્ર હતા. જેલમાં જવું પડે ત્યારે કહે મારા પિતા છે એટલે નહીં આવું. એઓ કવિ હતા. પણ એમને કહેવાય કે મારા પણ બાપા છે. એમ કેમ કહેવાય? એમણે જાતે માથું હોમવું જોઈએ.

ભોગ જાતે આપે તો જ સ્વીકારાય, ગાંધીજીના માર્ગે કે બીજી રીતે. ત્યારે, લડત એટલે સૂત્રો અને જેલ એવું અમે સમજતા. વ્યક્તિગત સત્યાગ્રહ દરમિયાન અમને જંબુસરમાં ફોજદારને ત્યાં લઈ ગયા. ત્યાં સૂવા પાથરણાં મળ્યાં. એમની વહુએ પાણી પાયું અને કહે કે હવે જતા રહો. અમે કહ્યું ના. પછી મેજીસ્ટ્રેટ પાસે લઈ ગયા. જેલમાં જવું પડ્યું.

યોગ શરૂ કર્યા પછી ખબર પડી લડત એટલે શું? લડતાં આવડે તેણે યોગ કરવો. આ યોગમાં પેટ ભરીને લડવાનું મળશે. આમાં લડવાની ખોટ કદી નથી, હાર પણ થાય, ઘણા હારે, પણ છેવટે વિજય થાય. જો કે આ યોગ એવો છે કે એમાં પાછા હઠવાનું બનતું નથી. કારણ આ લડતનો સેનાપતિ-સારથિ જગતનો મહાનમાં મહાન સારથિ છે. એ સ્પષ્ટ કહેવું જોઈએ કે શ્રીકૃષ્ણનો યોગ શ્રી અરવિન્દને મળ્યો. એમ પણ કહીએ બીજા કોઈને એ મળ્યો નથી. મહાભારત બાદ જે કામ બાકી તે હવે પૂરું કરવાનું. શ્રીકૃષ્ણ અવતાર જ નહીં, યોગેશ્વર પણ હતા. ગીતામાં લખ્યું છે ''यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।।''

શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે હોવા જોઈએ. ત્યારે એ જે પ્રકરણ બંધ થયેલું, તે હવે ફરી ખોલવામાં આવે છે. શ્રીકૃષ્ણે શ્રી અરવિન્દને જેલમાં બેસાડી યોગ શીખવ્યો. એમને નેતાગીરી છોડવી ગમતી નહોતી. આ જગત, લોક, દેશ એ રીતે જ ભગવાનને ઓળખતા. પણ ત્યાં એમને જેલમાં મોકલવામાં આવ્યા. તે પહેલાં એમનો યોગ ચાલુ જ હતો. જેલમાં શ્રીકૃષ્ણ સાથે સીધો સંબંધ થયો. હિન્દુ ધર્મના બધા સાક્ષાત્કારો એમને કરાવવામાં આવ્યા. એમને બધું પ્રગટ કરવાની મનાઈ કરવામાં આવેલી. થોડું જ કહેવાની છૂટ અપાયેલી. એમને શ્રીકૃષ્ણે એક કામ સોંપ્યું: ''હવે સનાતન ધર્મ જગતમાં ફેલાવાનો છે. આ તારું કામ.'' બંગાળીમાં એમણે 'ધર્મ' માસિક ચાલુ કર્યું અને 'કર્મયોગિન' અંગ્રેજીમાં. પાછળથી એમણે ધર્મ શબ્દ બાજુ પર મૂક્યો. ધર્મના અનેક અર્થ છે. એમાં ભગવાનની વાત બરાબર નથી આવતી. એમાં બાહ્યક્રિયાકાંડો હોય. ધર્માત્માની કસોટી ભગવાન સાથે સંબંધ હોવો. ભગવાન સાથેના આ સંબંધને સ્પષ્ટ કરવા એમણે ધર્મની જગ્યાએ યોગ શબ્દ મૂક્યો. એમના જીવનમાં આ મહાન પલટો.

એમનો ઉછેર ઈંગ્લેન્ડમાં થયેલો. બંગાળી, ગુજરાતી અને સંસ્કૃત તેઓ બરોડામાં શીખ્યા. મહાભારત, ઉપનિષદ, ગીતા વગેરે એમણે વાંચ્યાં. એમાં ભગવાન આવે છે. એમને થયું કે ભગવાન હોય તો મળવા જ જોઈએ. કેવી રીતે મળે? યોગ દ્વારા. યોગ

કેવી રીતે કરવો? યોગીની શોધ કરી. એમના ઓળખીતાઓએ વિષ્ણુ ભાસ્કર લેલેનો પરિચય કરાવ્યો. મજુમદારના વાડાના મેડામાં ચારપાંચ દિવસ રહ્યા. લેલેએ યોગનો એકડો શીખવ્યો. એમણે કહ્યું ઊર્ધ્વ જગતો છે. એમાં જવું હોય તો મનમાંથી નીકળવું જોઈએ. મનમાંથી બહાર ન નીકળો તો ભગવાન પાસે ન જવાય. ક્રિયાકાંડ મનમાંથી જ થાય છે. ॐ अग्नये स्वाहा એ ભગવાન પાસે પહોંચતું નથી, એ તો મનમાં જ રહે. લેલેએ મનથી ઉપર જવાની યુક્તિ બતાવી. મનમાં શું છે? વિચારો. મનમાં વિચારો જે છે તે આપણા નથી તે પહેલાં સમજવાનું. વિચાર આવે તેને બહાર ફેંકી દેવાનો. આમ કરતાં શ્રી અરવિન્દે ત્રણ દિવસમાં મનને નીરવ કરી દીધું. ઊર્ધ્વમાંની અનન્ત સૃષ્ટિએ એમની પાસે આવવા માંડ્યું. લેલેને પોતાને શ્રી અરવિન્દના અનુભવો વિષે સમજણ ન પડી. એમણે છોડી દેવા કહ્યું. શ્રી અરવિન્દે એમની પોતાની ગતિ અટકાવી નહીં. શ્રી અરવિન્દનું મહાન બળ હતું સમર્પણ. લેલે જે કહે તે કર્યું. શ્રી માએ પણ શ્રી અરવિન્દને પ્રથમ મિલને સમગ્ર સમર્પણ કરેલું. રાધાની પ્રાર્થનામાં એ સમર્પણનો શબ્દદેહ જોવા મળે છે.

શ્રી અરવિન્દ ભગવાન જે કરાવે તે કરતા. લગ્ન પણ કરેલાં. એમની પત્નીને પત્રો પણ લખેલા. એઓએ લખેલું મારા આંગણે આખું હિન્દુસ્તાન આવ્યું છે. મારે એ બધાને સંભાળવાના. એમનાં પત્ની લખે મારે સાડી જોઈએ છે. તો કહે, મને નવરાશ નથી.

પછી તો એમને એકદમ જેલમાં લઈ જવામાં આવ્યા. શ્રી અરવિન્દને થયું આ શું? પછી એમને ભગવાનનો અવાજ સંભળાયોઃ ''તું જે બંધનો કાપવા તૈયાર ન હતો તે મેં કાપી આપ્યા. તારા વગર પણ આ દેશને મુક્તિ મળશે. તારે મારું કામ કરવાનું છે.'' જેલમાં એમને વાસુદેવ સર્વમ્‌નો અનુભવ થયો. એમનો બચાવ પણ શ્રીકૃષ્ણે કર્યો. શ્રીકૃષ્ણે જેલમાં એમની સમક્ષ યોગનો દાબડો ખોલ્યો. ગીતામાં કહ્યું છે તેથી આગળની વાત એમને શીખવવામાં આવી. હવે યોગ માનવજાતિને માટે આપવામાં આવ્યો. પહેલાના યોગોનું પરિણામ મુક્તિ. મુક્તિ પછી શું? એ બધા યોગોનું સાર તત્ત્વ લઈ, તેમની અપૂર્ણતાઓ દૂર કરી, પોતાની અનુભૂતિઓના આધારે પૂર્ણયોગ શ્રી અરવિન્દે આ જગતને આપ્યો. શ્રી અરવિન્દે કહ્યું છે બધા યોગ પૂરા થાય ત્યાંથી હું આગળ ડગલું ભરું છું. હવે પૂર્ણચેતના પૃથ્વી પર સદેહે રહેવા માગે છે. માણસોમાં ભગવાન પ્રગટ થવા માગે છે. આ કેવી રીતે બને? દિવ્યતા જોડે વહેવારમાં આવી શકે એવા એવા આત્મા જોઈએ. દરેક અવતાર સાથે તેના કાર્યમાં મદદરૂપ થાય એવા આત્મા અવતરતા. તે રીતે આ યુગમાં પણ થયું છે.

આ સ્ત્રીપુરુષોનો સવાલ નથી. બાળકથી માંડી વૃદ્ધો સુધી બધાં યોગ કરશે. આધ્યાત્મિકતા જીવનનો નિયમ બનશે. ત્યારે બધાં નવી અવસ્થામાં પહોંચશે. ત્યારે ભગવાન સાથે સંબંધ થશે. આ યોગનો દાબડો બધાં માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ભગવાનની વાત કરવી હોય તો ભગવાન બનવું જોઈએ, ખુદમાં દિવ્યતા પ્રગટ થવી જોઈએ. યોગશક્તિ એ રીતે કામ કરે છે કે તમે સહેજ જ ખુલ્લા થાઓ એટલે તમારું મન શાંત થઈ જાય.

ત્યાં માતાજી પાસે હજારો લોકો આવે. અમારે શ્રી માતાજીએ કેવાં કપડાં પહેર્યાં છે તે જોવાં છે વગેરે. પણ પછી એ બધું ન દેખાય. તેમનામાં શ્રી માતાજીનાં આંદોલનો ઘૂસી જ જાય.

ઉપરથી આવેલાં તત્ત્વો સામે જગત તરફથી પ્રચંડ વિરોધ થાય છે. ગુહ્યશક્તિઓ પણ તરફેણમાં કે વિરોધમાં ખડી થઈ જાય.

અમે શિબિર કરવાની વાત કરી, અમારા મિત્રોએ વિરોધ કર્યો. કહે એમાં ઝઘડા થાય. અમે કહ્યું શ્રી માતાજીએ કહ્યું છે એટલે અમે કરીશું. શરૂમાં મુશ્કેલીઓ આવે. શિબિરના અંતે માતાજી વિજયી નીવડે.

અહીં પણ શરૂમાં અકસ્માત થયો. ત્યાં કાર ન મળે. રાતે બસમાં બે વાગે બેઠા. સાંજે પાંચની જગ્યાએ સવારે પાંચ વાગે અહીં ઊતર્યા.

માતાજીને અર્પણ કરીએ ત્યાં હવા બદલાઈ જાય. All can be done if the God-touch is there. આ ઘણું મોટું કામ. આ વિજય સાધી આપે એવી મહાન શક્તિ, એના ખોળે બેઠા છીએ. જોઈએ હવે એ કેવી રીતે આગળ ચલાવે છે.

✤





પ્રવચન

## ૩

શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખાના ઉદ્‌ઘાટન નિમિત્તેઃ
શ્રી તાજાવાળા લોહાણા મહાજન વાડીમાં
૪-૪-૧૯૬૮ / સાંજે ૬.૦૦ થી ૭.૦૦

**[ શ્રી અરવિન્દ સોસાયટી કેમ બનાવી – આ શાખામાંથી વૃક્ષ બનશે, ફળ મળશે – પોંડિચેરીમાં આશ્રમ બન્યો – ભગવાનને માનવ ખોળામાં લેવો છે – ગીતા-યોગથી આગળ કંઈક નવીન – શ્રી અરવિન્દે મહાકાવ્ય 'સાવિત્રી' લખ્યું – જગતને ભગવાન સાથે જોડવાનું છે – આશ્રમમાં શું શું થાય છે – યોગમાં માતાજીનું કાર્ય. ]**

**વ**હાલાં બહેનો અને ભાઈઓ,

બોલવું તો બેસીને હતું. દૂર દૂર બેઠેલા મને જોઈ શકતા નથી, એમને હું જોઈ શકતો નથી. એટલે ઊભા રહેવાની તક ઝડપી લઉં છું. તમે આ આવ્યા છો એ આનંદની ઘટના છે, અને એ એક મોટો બનાવ પણ છે. મારે અહીં કેમ આવવું થયું તે તમે જાણો છો. અહીં શ્રી અરવિન્દ સોસાયટીની – શ્રી અરવિન્દ આશ્રમની નહીં – એક શાખા અહીં ખૂલે છે. એ આશ્રમની શાખા તો નથી.

આશ્રમનું અહીંના જગતના લોકો જોડે જોડાણ થાય, તે માટે ત્યાંના સાધકોએ એક સોસાયટી બનાવી છે. અત્યારે કેન્દ્ર વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલે છે. એ બધાંને વ્યવસ્થિત કરવાનું કામ આ સોસાયટી બનાવી શ્રી માતાજીએ ઉપાડ્યું છે. આ સોસાયટીના તેઓ પ્રમુખ છે. અને જે કંઈ એ સોસાયટીમાં થાય તેના પર શ્રી માતાજી પોતે ધ્યાન આપે છે. તમે સભ્ય બનો તો શ્રી માતાજી તમારા ફોટા

જુએ છે, પછી તેમણે જે કરવું હોય તે કરે છે. અહીં આપણે ગંભીર કાર્ય નોતર્યું છે. આશા રાખીએ કે અહીં જે શાખા સ્થપાય છે, તેમાંથી બીજી શાખાઓ નીકળશે, અને છેવટે એમાંથી વૃક્ષ બનશે. અને એ જે જાતિનું વૃક્ષ છે તેવાં ફૂલો એને આવશે અને એના ઉપર ફળ પણ બેસશે. (અહીં સુન્દરમ્ ખુરશી પર બેસી ગયા).

આજની આ સભામાં ઘણાં પુષ્ટિકારક બળો છે. મુંબઈમાં અમે નિશાળમાં શિબિર કરેલો. સવારે ૬-૧૫ વાગ્યે ધ્યાન થતું. ધ્યાનખંડ પાસે રસોડું હતું. ધ્યાન ચાલુ હોય ત્યારે મહારાજનો ધમધમાટ પણ ચાલુ હોય. હું ગભરાતો કે અમે યોગીઓ – આ અવાજ અમારું ધ્યાન ભંગ રખે કરે! એમ કહેવાનો હતો કે પહેલાં ધ્યાનભંગ કરવા અપ્સરા આવતી, હવે અમારું ધ્યાનભંગ તો સરળતાથી થઈ જાય. પછી મને થયું એમ ન કહેવું. એટલા માટે નહીં કે રસોઈ તે સમયે બંધ કરાવું તો રસોઈ અમને મોડી મળે. પણ થયું ધ્યાન એ જ કંઈ આ યોગમાં એક જ વસ્તુ નથી. ધ્યાનમાં બેસીએ ત્યારે ધ્યાનમાં આવતા વિક્ષેપોથી ચલિત ન થઈ જઈએ એ જરૂરી છે. શ્રી અરવિન્દ ગુફામાં રહે છે? અદ્ધર જ રહે છે? આવા પ્રશ્નો પહેલાં લોકો પૂછતા. હવે કોઈને એ પૂછવું બાકી રહ્યું નથી. ત્યાં ગુફા નથી. અદ્ધર રહેવાના પ્રશ્ન વિષે, શ્રી અરવિન્દ કહેતા, "I am not a bird".

તેઓ મેડા પર રહેતા. પાસેનો રસ્તો બંધાતો હતો. ઉપર ધમધમાટ કરતું રોલર આખો દિવસ ફરતું હોય. એમને પૂછવામાં આવ્યું ધ્યાનભંગ નથી થતું? ત્યારે શ્રી અરવિન્દ કહે, એ પણ ધ્યાનનું અંગ થઈ શકે છે. અવાજ, એ યંત્ર ચલાવનાર માણસ, બધું જ ધ્યાનનો વિષય બની શકે છે.

બ્રિટિશ સરકારે હિમાલયમાં એકાન્તમાં, એક જગ્યા આપવાની શ્રી અરવિન્દને 'ઑફર' કરેલી. શ્રી અરવિન્દે ધન્યવાદ સાથે એ ન સ્વીકારી. તેમણે કહ્યું હું જુદી રીતનું કામ કરવા માગું છું. હું લોકો વચ્ચે રહી કામ કરીશ. છતાં લોકો ફરિયાદ કરે શ્રી અરવિન્દ દૂર ચાલ્યા ગયા. મારી બાબતમાં પણ એમ કહેતા "ગુજરાતનો કવિ ચાલ્યો ગયો". ત્યાં ગુફામાં બેસી કામ નથી કરવાનું, ત્યાં જીવનમાં રહી કામ કરવાનું છે. ત્યાં જેવી પદ્ધતિ મળી છે તે રીતે કામ કરીએ છીએ. ત્યાંનો આશ્રમ જોઈને બધા કહે આવો આશ્રમ!! કદી કલ્પનામાં ન હોય એવો આશ્રમ જોવા મળે. પોતાની કલ્પના મુજબનો આશ્રમ ન હોય, છતાં બધા પ્રભાવિત થઈ જાય. સો-માંથી નવ્વાણું જણા કહે અહીંથી જવાનું ગમતું નથી. ત્યારે અમે કહીએ શ્રી અરવિન્દના વિજયનો આ યોગ છે. માણસને ભગવાન ખોળામાં લેવા માગે છે.

અહીંના સેક્રેટરી મારી પાસે ખૂબ કામ કરાવે છે. ત્યાં એમની પાસે કામ લઉં તો એમનું શું થાય તે ખબર છે? એઓ આવ્યા હતા, મારે આશ્રમમાં રહેવું છે કરતા. ત્યાં આશ્રમમાં રહેવું કેટલું કઠિન છે તે જાણો છો? એઓ જાતે જ કહે હવે હું ઘરે જાઉં.

મારે છેવટની મૂળ વાત કરવાની છે તે હવે કહી દઉં. ભગવાનને માનવ ખોળામાં લેવો છે. માનવોને, શાસ્ત્રોને અને યોગોને આગળ લઈ જવાના છે. પેલી બધી નિશાળો પૂરી થાય, પછી એમની યોગની નિશાળ ચાલુ થાય. યોગ કરવાથી શું થાય? શ્રીકૃષ્ણ કહે છે : अनित्यम्, असुखम्, लोकम् भयम् । એને છોડી મારી પાસે આવી જા. - भजस्व माम् । શ્રી અરવિન્દ કહે છે કે આ સ્વીકારી ન શકાય. જો જગતને ભગવાને બનાવ્યું છે તો ભગવાનની બનાવેલી વસ્તુને અનિત્ય અને અસુખમય ભગવાન કેવી રીતે કહે, માયાવાદી કે જગતમાં થાકેલો ભલે કહે. એટલે હવે ગીતામાં લખેલું તે પર્યાપ્ત નથી.

શ્રી અરવિન્દે ભગવાન પાસે જુદો જવાબ મેળવ્યો. આપણે કોઈને નાળિયેર આપીએ છીએ એ રીતે શ્રી અરવિન્દને જવાબ આપવામાં આવ્યો. ''હા, ગીતામાં મેં કહેલું તેથી આગળ વાત થઈ શકશે''. એમને યોગ પુસ્તકમાંથી નહીં, સીધો ભગવાન પાસેથી મળ્યો. આ ઘટના આ કળિકાળમાં બને છે. હવે સિદ્ધિઓનો યુગ આવ્યો છે. પરમ સત્યો હવે માનવ આગળ ખૂલી જવાના છે. ભગવાન ઘર ઘરની વસ્તુ થઈ જશે.

ભગવાન શું કરે છે? મુક્તિ આપે છે? શું મુક્તિની ટિકિટો ફાડી આપે છે? એવું નથી. ઘણીવાર લોકો આ યોગ કરતી વખતે ફરિયાદ કરે, ધ્યાન નથી થતું. માતાજી કહે, ''Man is man, he is not for meditation'' બીજાં અનેક કામો કરવાનું તેઓ કહે. કેટલાક અમારે શાંતિ જોઈએ, શાંતિ જોઈએ કરતાં માતાજી પાસે આવે ત્યારે માતાજી કહે, શાંતિ જોઈતી હોય તેઓ હિમાલયમાં જાય. જેઓ દુનિયાથી થાક્યા છે તેઓ આ યોગનો તાપ જે દુનિયાના તાપથી હજાર ગણો છે તે જીરવી શકશે નહીં. અમે જગતને ખાતર કંઈક જુદું જ નવીન કરવા બેઠા છીએ. ગીતાથી આગળની વાત અમે કરીએ છીએ. એથી મહાન કાવ્ય સાવિત્રી લખ્યું. મૂળે જગતને ભગવાન સાથે જોડવાનું છે.

આશ્રમમાં લોકો જ્યારે કહે અમને પાછા જવું ગમતું નથી, ત્યારે અમે હસીએ છીએ. ભગવાન આનંદની રેલ રેલાવે છે. શુદ્ધ આનંદની રેલ રેલાવે છે. તમારી

નસોને આનંદથી તરબતર કરી તમને તૃપ્ત કરી દે છે. તમને એમાંથી ખસવાનું મન નથી થતું. આશ્રમમાં આવું થાય છે. તેથી લોકોને જવાનું મન નથી થતું. શ્રી અરવિન્દ ગુફામાં હોત તો આ ન થાત.

આજે અમે અહીં સ્ટેશન (પોરબંદર) પાસે થઈ કારમાં આવતા હતા. પોંડિચેરી અને પોરબંદર વચ્ચે સામ્ય શોધતો હતો. પોંડિચેરીનું મૂળનામ પુદુચેરી છે. આમ પ, દ, ર નું સામ્ય; રાશિ એક; બંને દરિયા કિનારે. ઘણું સામ્ય. હું અહીં આવ્યો ત્યારે મને થયું કે મારી મુક્તિ થઈ. અમદાવાદ આવ્યો ત્યારે વાદળો ચઢી આવેલાં. અહીં આવ્યો ત્યારે થયું કે પોંડિચેરીમાં જ છું. દુનિયાના જેટલા પ્રશ્નો છે તે બધા લઈને અમે પોંડિચેરીમાં બેઠા છીએ, શ્રી અરવિન્દ બેઠા છે. કામ કરનારને માટે એ આશ્રમ છે, રિટાયર્ડ જીવન ગાળનાર માટે એ આશ્રમ નથી. માતાજી કહે અહીં ઘરડાનું કામ નથી. અહીં યુવાનોનું – તપ કરી શકે એવાનું કામ છે. ત્યાં આવે એનાં બંધનો તોડવાનું કામ થાય. એક ભાઈ એફ. આર. સી. એસ. થઈને આવ્યા. એમને લાકડાનું ગોડાઉન સંભાળવાનું કામ સોંપ્યું. સારી પ્રેક્ટિસ માગો તો તે માટે આશીર્વાદ આપે. પણ આશ્રમમાં રહો તો બધું જ કામ કરવાની શક્તિ આપે. ત્યાં કવિ તરીકે મારી કોઈ ગણતરી પણ ન કરે. ત્યાં બધાંને <u>कृत्स्नकर्मकृत्</u> બનાવવામાં આવે.

મૂળ વાત આ અસુખમય જગત કેવી રીતે બન્યું. મૂળ સચ્ચિદાનંદને આત્મામાંથી કાઢી પ્રકૃતિમાં નાખ્યો. પછી દુ:ખો થયાં. ભગવાન કહે હું જવાબદાર છું. તેથી હવે God has to pay back his debt. ભગવાનના આડતિયા શ્રી અરવિન્દ કહે મારે એ કામ કરવાનું છે. હવે ભગવાન કહે તમને દેવું રોકડામાં ચૂકવી આપીશ. અત્યાર સુધી આ વાત થઈ નહોતી. વેદમાં श्रृण्वन्तु विश्वे अमृतस्य पुत्राः એમ કહ્યું છે. પણ ક્યાં છે અમૃતત્વ, શ્રી અરવિન્દ કહે કે આ રહ્યું. તેઓ કહે, "I call no one. I am here to give divine consciousness to those who want it." ભારે વાત એમણે કરી. કહે હા, હું દિવ્ય ચેતના આપી શકું છું.

જ્યારે Life Divine મારા હાથમાં આવ્યું ત્યારે હું દિંગ થઈ ગયેલો. તે વખતે શોધકનો મિજાજ. ત્યારે ઉગ્ર રીતે મનમાં પ્રશ્ન થયો કે, શું આ માણસ આ શબ્દ વાપરવાની હિંમત કરે છે. પછી તો આશ્રમ ગયો. ઘણા વર્ષ પછી, Play Ground પર એક દિવસ વિચાર આવ્યો કે I can be also divine.

આ વિચારની સ્ફુરણા કેમ થઈ? પેલા બનાવના અનુસંધાનમાં જ થઈ. એ બનાવ તે જે નવી દિવ્ય સૃષ્ટિ રચાવાની છે તે ઘટના જે દિવસે થઈ તે. જીવનમાંથી

એક નવી સૃષ્ટિ રચાવાની છે. તે ઉપરથી અહીં આવી સ્થાપિત થશે. "An influence has approached the mortal range". બીજી ગતિ એ છે કે, એક અભીપ્સાનો પ્રવાહ નીચેથી ઉપર ચઢે છે. આ બે બળો કામ કરી રહ્યાં છે. આ બેનું મિલન થતાં આવિર્ભાવ રચાય છે. આવા માણસોથી વસેલું જગત બનશે.

૧૯૫૬, ૨૯મી ફેબ્રુઆરીએ શ્રી માએ કહ્યું 'અમે જે જગતની તૈયારી કરતા હતા તે જન્મી ચૂક્યું છે. બધાને ભલે ન દેખાય. હું જોઉં છું. હું બધે કામ કરું છું. હું માત્ર અહીં જ બેઠી નથી.

'હું ઊંઘમાં સૂક્ષ્મ પ્રદેશોમાં જાઉં છું. ત્યાં તમે પણ હોવ છો, રોજ થોડા ફેરફારો તમારામાં જોવા મળે. હું મારું કામ આગળ ચલાવ્યે જ રાખું.

'ત્યારે એ ૨૯મી ફેબ્રુઆરીએ શું થયું? આપણે ધ્યાન કરતા હતા ત્યારે આ બન્યું. હું એક સોનાના દ્વાર પાસે ઉભી હતી. એક બાજુ જગત, વચ્ચે હું, બીજી બાજુ આ દ્વાર. "The Time has come." એવા અંગ્રેજીમાં શબ્દો આવ્યા. શ્રી અરવિન્દના એ શબ્દો હતા. મેં એક પ્રચંડ હથોડો લીધો અને ઘા કર્યો. બારણું ટૂકડે ટૂકડા થઈ ગયું. ઉપરની અતિમાનસ ચેતના, આનંદ, શક્તિ ધોધની જેમ નીચે ઊતરવા લાગી. મને થયું પ્લેગ્રાઉન્ડમાં બેઠેલા બધા આ પ્રવાહપ્રપાતથી ચટ્ટાપાટ થઈ ગયા હશે.'

શક્તિ આવે ત્યારે શું થાય? ત્યાં ઘણા આવી માંદા પડી જાય છે. શ્રી માએ ઉપરની વાત ચાર વર્ષ પછી કરી. પહેલાં બાંધે ભારે જ કહેલી.

અતિમનસ અવતર્યું. ભગવાને હવે આ રૂપે કામ આરંભ્યું. એનો સોનેરી રંગ છે. हिरण्यमय पुरुष નું વર્ણન જાણો છો? સૂક્ષ્મમાં એ દેખાય. એક ગાંડાને સોનેરી પ્રકાશ દેખાય. તે ગાંડાની ઇસ્પિતાલમાં રખાયેલો. મેં કહ્યું ચિંતા ન કર, એ અતિમનસ પ્રકાશ દેખાય છે. શ્રી માતાજી કહે જગતમાં એ પ્રવેશી ગયું છે, હવે એ કામ કરશે.

જો તમને એમ થાય કે હું મૂર્ખ છું, હું સમજતો નથી, હું જાણતો નથી, તો સમજવું પ્રગતિ થાય છે. આ યોગમાં બ્રહ્માનુભવ હાથમાં જ છે. શરીરમાંથી નીકળી pure existence (કેવલ સત્) નો અનુભવ થઈ શકે છે. પ્લેગ્રાઉન્ડમાં અમે બે કલાક ઊભા હોઈએ, વિચાર પણ ન આવે કે અમે ઊભા છીએ કે બેઠા છીએ. થાકનોયે અનુભવ ન થાય. બ્રહ્મ સાક્ષાત્કાર વ્યવહારમાં કેવી રીતે ઉપયોગમાં આવે? એની ઘણી ગલીકૂચીઓ છે. ગમે તેમ પણ એટલું કહી શકીએ કે નવું જગત જન્મી ચૂક્યું છે.

માતાજી કહે છે કે જે માણસ એકવાર પણ મારા સંબંધમાં આવે છે તેની જન્મોજન્મની હું જવાબદારી લઉં છું.

આ એપ્રિલ માસની ૪થી તારીખ અને ૨૪મી તારીખ એ બેનું મહત્ત્વ ખબર હશે. કવિની ભાષામાં આ માસને હું Month of Advent કહું છું. ૪થીએ શ્રી અરવિન્દનું પોંડિચેરીમાં આગમન અને ૨૪મીએ શ્રી માતાજીનું આગમન. ૪-૪-૧૯૧૦ માં શ્રી અરવિન્દ પોંડિચેરીમાં આવ્યા. ૨૪-૪-૧૯૨૦ માં શ્રી માતાજી બીજી વાર આવ્યાં. પછી ગયાં જ નહીં. આંકડો પણ મહત્ત્વનો છે. પ્રથમવાર ૨૯મી માર્ચે આવેલાં. લડાઈ થઈ. પાછાં ગયાં. લડાઈ પૂરી થઈ. પાછાં આવ્યાં. પોંડિચેરીમાં બે બેઠાં. કેવી રીતે થયું? ભગવાનનો હાથ છે.

શ્રી અરવિન્દ મનથી ઉપરની પ્રેરણા ઝીલી કાર્ય કરતા હતા. જેલમાં ૧ વર્ષ રહ્યા. મુકદ્દમો ચાલ્યો. નિર્દોષ છૂટ્યા. આ દરમિયાન યોગ ચાલુ જ. સરકારને એમના પર શંકા હતી જ. એમને ફરીથી સંડોવવા માગતી હતી. કોઈએ કહ્યું કે પોલીસ આવે છે. એમને ઉપરથી અવાજ આવ્યો કે ચન્દ્રનગર ચાલ્યા જાવ. ૧૦ મિનિટમાં તેઓ ત્યાં ચાલ્યા ગયા. ત્યાંથી પછી પોંડિચેરી જવાનો આદેશ એમને મળ્યો. ૪-૪-૧૯૧૦ ના દિને આ મહાભિનિષ્ક્રમણ આરંભાયું.

શ્રી માતાજી આશીર્વાદ આપે ત્યારે આપણે કહીએ તેમ ભલું થજો એમ નથી કહેતાં. તેઓ આશીર્વાદ આપે ત્યારે એમનામાંથી એક વસ્તુ નીકળી આપણામાં પ્રવેશ કરે. પ્લેગ્રાઉન્ડમાં એક વાર દક્ષિણા લઈને એમની પાસે ગયો. જેવો એમણે અંકનો સામેનો છેડો હાથમાં લીધો તેવો અંકના મારે છેડેથી એક ઝાટકો લાગે એવો પ્રવાહ મારા શરીરમાં દાખલ થયો. આમ સામેથી એક સીધી વસ્તુ આપવામાં આવે છે.

વિરોધીબળો હોય છે, તેઓને પણ એ મહાત કરે છે. જગતનાં બધાં બળો એમને ઓળખે છે.

શ્રી અરવિન્દ એમનો યોગ જગતને આપી શકે એવી વ્યક્તિની રાહમાં બેઠા હતા. એ શક્તિ એમને ફ્રાન્સમાંથી મળી. તેથી ભગવાનની યોજના એવી કે એઓ ફ્રેન્ચ પૉકેટમાં યોગ આરંભે. પૂર્વ પશ્ચિમ બંને સામે યોગ મૂકી શકે એવી વ્યક્તિ તે આ શ્રી માતાજી. માતાજી ન હોય તો આ યોગની કલ્પના જ નથી કરી શકતો. શ્રી માતાજી કહે છે શ્રી અરવિન્દ સાથે અમારો જન્મોજન્મનો સંબંધ છે.

એમનામાં નાનપણથી જ ગુહ્યશક્તિ હતી. પોતે ૭-૮ વર્ષનાં હતાં ત્યારે રોજ રાત્રે એક સ્વપ્ન આવતું. પોતે આકાશમાં ઊંચે ઊંચે જઈ ઊભા રહે. એમનો ઝભ્ભો

પહોળો થઈ શહેરને વીંટળાઈ રહે. એની નીચે દુઃખી, સંતપ્ત, લોકો આવી, આસાયેશ મેળવી પાછા જતા રહે. શ્રી માતાજી કહે "એ દિવસોમાં મને મારા આ કાર્યમાં જ વધુ રસ હતો." શ્રી અરવિન્દ શ્રી માતાજીને દોરતા. જ્યારે પોંડિચેરીમાં શ્રી માએ શ્રી અરવિન્દને જોયા ત્યારે એમને ખબર પડી આ મને દોરતા હતા. તરત જ એમણે પોતાનું એમને નિઃશેષ સમર્પણ કર્યું. ૧૯૨૬માં શ્રી અરવિન્દે જાહેર કર્યું : હવે શ્રી માતાજી મારો યોગ આપશે. જે માતાજી પાસે ન લઈ શકે તે મારો યોગ ન કરી શકે. શ્રી મા કહે છે હિન્દુસ્તાન જગતનો મોક્ષ કરશે.

આ અતિમાનસ દિવ્યચેતના પૃથ્વી પર આવી છે. જગતને માટે એક મોટો બનાવ છે. પૃથ્વીનું જીવન હવે બદલાશે.

✤



## પ્રવચન

## ૪

શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખાના ઉદ્‌ઘાટન નિમિત્તેઃ
શ્રી તાજાવાળા લોહાણા મહાજન વાડીમાં
૫-૪-૧૯૬૮ / સવારે ૯.૦૦ થી ૧૧.૦૦

**[ આ યોગ વિમાન જેવો છે, તે બે કામ કરે છે – પૂર્ણયોગની પ્રાપ્તિ માટે શું કરવું? – પ્રકૃતિનું રૂપાંતર કઈ રીતે? ]**

**રા**માયણમાં પુષ્પક વિમાનનો ઉલ્લેખ છે. ત્યાર બાદ વિમાનનો ઉલ્લેખ નથી. આ યોગ વિમાન જેવો છે. માત્ર પુસ્તકો વાંચવાથી યોગ ન આવડે. યોગવસિષ્ઠ કોઈ આખું વાંચી જાય તોયે યોગ ન આવડે. જો કે મારે યોગવસિષ્ઠ વાંચવું છે. યોગનું વિમાન પરમાત્માની દિવ્ય ચેતના સુધી તમને લઈ જાય. ઘણાને વ્યવહારુ પ્રશ્ન થાય છેઃ આ યોગ અમને કામ શું આવે? યોગ બે કામ કરે છેઃ આપણને તે પ્રભુ પાસે લઈ જાય છે અને પ્રભુને આપણી પાસે લઈ આવે છે. એ double service કરે છે. વિમાનની જેમ જઃ વિમાન માણસોને અહીંથી ત્યાં લઈ જાય અને ત્યાંના માણસોને અહીં લઈ આવે. એક કવિતામાં મૃત્યુને one way traffic તરીકે વર્ણવ્યું છે. ત્યાં ગયા પછી ત્યાંના સમાચાર લઈ કોઈ અહીં આવતું નથી. આ યોગનું વિમાન ઉપર જે છે તે બધું લઈને અહીં આવે. બીજા યોગના વિમાનો તો અમુક ટર્મિનસે અટકી જાય. આ યોગ ત્યાંથી પણ ઉપર જઈ કશુંક લઈ આવે.

**પ્રશ્ન : પૂર્ણયોગની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ?**

**ઉત્તર :** આપણે તૈયાર થવું જોઈએ. આપણામાં સળવળાટ થવો જોઈએ. આપણામાં એક જાગૃતિ આવી જવી જોઈએ. અત્યારનું જીવન છે તેની સાથે હિસાબ ગોઠવવો

જોઈએ. એ હિસાબ સ્પષ્ટ ન કર્યો હોય ત્યાં સુધી આગળ નહીં જઈ શકશો. આ જીવનમાંથી જો તમે આઘાપાછા ન થઈ શકો તો આ યોગ ન થઈ શકે. આ જીવન પરમાત્માને મળવા માટે છે. આ જન્મમાં એ થાય કે નહીં તેનો વર્તારો ન હોય. જો કે જગતમાં આપણે કુટુંબમાં ગોઠવાઈએ છીએ. કામધંધો કરીએ છીએ. એ બધું જરૂરનું છે. માબાપ ન હોય તો શરીરમાં ન અવાય. ફેમિલી પ્લાનિંગ કેટલાક કરે છે. તો પછી કહીશું કે જન્મ આપો છો જ શા માટે? ત્રણ બાળકને પણ શા માટે આવવાં દેવાં? આત્માઓ આ જગતમાં આવવા માગે છે એને શા માટે ન આવવા દેવાં? જન્મ એ જરૂરી વસ્તુ છે. પણ પૂર્ણયોગે આ જન્મની ક્રિયા જ બદલી નાખી. શરીરમાં કઈ રીતે આવવું, કેવા શરીરમાં આવવું એ મોટી ક્રિયા છે. શરીરમાં આવીએ, પછી?

ત્યાંથી પ્રશ્નની શરૂઆત અને ત્યાંથી ઉકેલ પણ આવે છે. બાળક આવે છે ત્યારે માબાપના જીવનમાં કંઈક ઉમેરાય છે. એનો હિસાબ નથી કરી શકાતો. બાળકને તો લાભ થવાનો હોય તે થાય છે. પણ માબાપના જીવનમાં પણ એક અભિવૃદ્ધિ થાય છે. પણ આગળની અભિગતિ કઈ? બાળક મોટું થાય, ધાવણ છોડાવીએ, પછી ધાવણ છૂટી જાય, તે હરતું ફરતું થાય, મુક્ત બને. આત્મા પણ જ્યારે દુનિયાના ધાવણને છોડે પછી એને કોઈ બાંધી શકતું નથી. પછી આ ફરજ છે, પેલી ફરજ છે વગેરે રહેતું નથી.

પ્રભુ સાથેનો આત્માનો સંબંધ પ્રિયતમ-પ્રિયતમાનો સંબંધ છે. પ્રભુ એ પ્રિયમાં પ્રિય વસ્તુ છે. આશ્રમમાંથી શ્રી મા પાસેથી પાછું આવવું ગમતું નથી. જગત જે રીતે ગોઠવાયું છે તેમાં થોડો થોડો પ્રેમ તો છે જ. એ કેટલીકવાર ઠંડો થાય. માબાપ સાથે છોકરાંનો પ્રેમ ગાઢ હોય છે. મોટા થયા પછી એમાં ઓટ આવે છે. સ્ત્રી વધારે વહાલી લાગે. આ પ્રેમની માત્રા વધતી વધતી તેનું તીવ્રમાં તીવ્ર સ્વરૂપ પરમાત્મા પાસે પહોંચો ત્યારે પામે છે. સિદ્ધ પાસે જાવ ત્યારે તમારા જ્ઞાનતંતુમાં ભાવતંતુમાં તમને અનુભવ થાય કે તે તમને દિવ્યચેતનાના પરમ સાગરમાં ઝૂલવે છે. આપણી જનેતા આપણને પારણામાં ઝૂલવે એ અનુભવ પણ મોળો પડે. માતાજી બે મિનિટમાં જ પરમાનન્દના સાગરમાં તમને ઝૂલવે. જાગૃત આત્માને થાય કે આમાંથી ક્યાંયે જવાય નહીં.

માણસોને શક્તિનો અનુભવ કંઈક આવી જ રીતનો થાય છે. હું મહાન નેતા છું, મહાન વેપારી છું, આટલા બજાર સર કરી શકું છું – એવી એવી શક્તિના અનુભવ થતા રહે છે. પણ પછી એ બધાની શક્તિ એક જગ્યાએ ઠંડી થઈ જાય

છે. પ્રભુ સાથે ભટકાઈએ ત્યારે આ થાય છે. પરમ બળ તે પ્રભુનું આ પરમબળ. ''તું આનંદ અનર્ગલ પ્રભુનો, તું પ્રભુની પરશક્તિ.'' એમ આપણે ગાયું. વળી આગળ ગાઈએ છીએ ''તું જગમાં જગ પાર અનંતે અમ સંગે ઘુમનારી.'' અહીંના સાથી તો મૃત્યુ પછી છૂટી જાય. મા તો બીજા જન્મમાં પણ સાથે જ આવે. ''તું નયનો પર પડદા ઢાળી, અન્ય નયન દેનારી.'' – મા નવો પ્રકાશ આપે, નવા ચક્ષુનો ઉદય થાય. આમ જગતની મહાનમાં મહાન ગતિ ક્રિયમાણ કરે.

દિવ્ય ચેતનાને ક્યાં રાખીશું? રામ અને કૃષ્ણ પોતે જગતમાં રહ્યા. ભગવાને જગતમાં રહેવું હોય તો હવે ક્યાં રહે એવો વિચાર આવે. ભગવાન માણસમાં રહેશે. ભગવાનને હૃદયમંદિરમાં રાખી શકાય. ત્યાં એ દેખાય છે પણ ખરા. પરંતુ એને માટે મંદિર બાંધવું પડે છે. પાયાથી માંડી ઠેઠ શિખર સુધી મંદિર બાંધવું પડે છે. શરીરમાં, પ્રાણમાં અને મનમાં કામ શરૂ થાય છે. સાત માળની હવેલી ચણવી પડે છે. ત્રણેક માળ સુધી તો આપણે ફરી શકીએ છીએ. પણ પછીના ઉપરના માળ પર આવેલા રૂમો બંધ. તેની હાલ આપણને ખબર નથી. યોગ એ બધા માળ અને રૂમોને ખોલવાની ચાવી આપણને આપે. યોગ શરૂ કરો એટલે આપણને ચાવી અપાય અને કહેવાય, જાઓ ભંડારિયામાં શું છે જોઈ આવો. ત્યાં સફાઈ કરો. ત્યાં પ્રકાશ કરો. આમ યોગ શરૂ થાય. જીવનમાં નવીનતા આવી જાય.

માતાજી પાસે જે બાળક જઈ આવે એની સાથે પછી you do not react in the same way. માતાજી બાળકને જુએ, પછી એ બદલાઈ જાય. હવે પોતાની જનેતાને પહેલાની જેમ વળગતો નથી. જો એની મા એને આશ્લેષમાં ભીડવા પ્રયત્ન કરે તો એ બાળકને દૂર ભાગવાનું મન થાય છે. માતા-બાળકનો સંબંધ જ બદલાઈ જાય છે. આ યોગમાં આમ પરસ્પર સંબંધો પણ પાયામાંથી બદલાઈ જાય છે.

અશ્વપતિને, યોગમાં એક ભૂમિકાએ, સાવિત્રી એની દીકરી જેવી લાગતી જ નથી. તો પછી મા-બાળક વચ્ચેનું correct relation શું? ત્યાં બાળકો માબાપ સાથે રહી શકે છે. પણ શ્રી માએ માબાપને બાળકો સાચવવા આપ્યાં છે એમ સ્વીકારીને માબાપે સાચવવાનાં.

ત્યાં Supreme Master – ગુરુ છે. એ અંધકાર રહેવા જ નથી દેતા. આ પ્રકાશ તો પડદા પાડો તોયે દાખલ થઈ જાય. આ યોગ તો ઊંઘમાં પણ દાખલ થઈ જાય. ધીરે ધીરે દાખલ થાય. છોકરાંઓને કંઈ કાઢી મૂકવાનાં નથી હોતા. છોકરાં હોય છતાં તેમના પ્રત્યે આસક્તિ ન રાખીએ. આસક્તિ વિનાનો સંબંધ ઘણો મહાન, ઘણો જ અપૂર્વ હોય છે.

શ્રી માતાજી કહે છે આખીયે પૃથ્વી એક આજારી બાળક જેવી મારા હાથમાં છે, અને એની ખાસ કાળજી કરવાની છે. આમ શ્રી મા સાથે ઊંચામાં ઊંચો સંબંધ બાંધી શકાય છે. પછી તો જેવી તમારી તૈયારી. પૂર્વના જન્મોની પ્રાપ્તિ પ્રમાણે એ તૈયારીની કક્ષા નક્કી થતી હોય છે. અનેક જન્મોથી આ યોગ ચાલે છે. અહીં કેટલી વસ્તુ તમને હજી બાંધે છે, એમાંથી તમારી પ્રગતિનું માપ તમને જડશે. જેમ બંધનો ઓછાં તેમ સમજવું આત્મા વધુ પ્રગતિ કરી ચૂક્યો છે. શુકદેવજી જન્મ્યા અને તરત જ સંસાર છોડી ચાલવા માંડ્યા. આશ્રમમાં બાળકો છે તે આપણે બાંધીએ તેમ બંધાયેલા નથી. આશ્રમના એક નાના બાળકને સ્ટેશન પર ખૂબ ચોકલેટ આપવામાં આવી – ખવડાવવામાં આવી. એક બે ખાધી, પછીની થૂંકી નાખવા માંડ્યો. આમ ત્યાંનું બાળક પરિવર્તન પામી જાય છે. ત્યારે જગતની જે અવસ્થા છે તેમાં તમે છો છતાં મુક્ત થઈ જાઓ છો. સંબંધ ભલે બધા બંધાય. અંબોડાની તમે ગાંઠ બાંધો છો ને? કેટલી બધી પિનો ખોસો છો? ફરી છોડો, સાફ કરો, ફરી બાંધો. એમ આ યોગમાં સંબંધોનું પરિમાર્જન થયા જ કરે છે. આશ્રમમાં તમે યોગ કરવા બેસો, પછી તમારી એકેએક બાબતની જડતી શરૂ થાય, અને બધું નવી રીતે ગોઠવાતું જાય. તમારી ચાલ પણ બદલાઈ જાય. ખૂબ બારીક કામ થાય છે. તમે જેને જ્ઞાન માનતા હો તે તમને હવે અજ્ઞાન લાગવા માંડે છે. તમારી જૂની શક્તિ તમને હવે અશક્તિ રૂપે લાગવા માંડે છે. હવે એ શક્તિ જે પહેલાં સફળતા અપાવતી તે વંધ્ય સાબિત થાય. ખૂણે ખૂણે તમારામાં પ્રકાશ સીંચવામાં આવે. બધું બદલાતું જાય.

નવી શક્તિ, નવું જ્ઞાન આવે. મા જાતે આપણામાં આવે છે, અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે. બીજા બધા તો કહે સદ્‌ગુણો કેળવો પછી ભગવાન આવશે. મા તો કહે હું આવીશ, ભગવાન આવશે પછી સદ્‌ગુણો કેળવાશે. તમે સદ્‌ગુણો ભેગા કરવા જશો અને હવે ભગવાન આવશે એવી અપેક્ષામાં રહેશો તો ગબડશો. પરમાત્મા આવે પછી નવી સૃષ્ટિ રચાય. આ પ્રકૃતિની નવરચનાનું કામ છે, આખી જિંદગી ચાલે એવું છે.

**પ્રશ્ન : પ્રકૃતિનું રૂપાંતર કઈ રીતે થઈ શકે ?**

**ઉત્તર :** આખો જ પૂર્ણયોગનો પ્રશ્ન પૂછી નાખ્યો. ગીતામાં તમે જોશો કે પ્રકૃતિને સ્થિર તત્ત્વ તરીકે સ્વીકારી છે. તેથી કરવું 'प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति।' જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તશે. ખાદ્ય પદાર્થ પ્રત્યે ખાવું ખાવું થયા કરતું હોય તો કહેવાય કે તે વ્યક્તિ न खादन् अपि खादति । એથી ઊલટું કોઈ खादन् अपि न खादति એમ પણ બની શકે છે. છેવટે પ્રકૃતિ છે શું?

આત્માનું જ એક રૂપ છે. એ ન હોય તો આત્મા પ્રગટ કેવી રીતે થાય. નિરાકાર નિરંજન આત્મા ફરે કેવી રીતે. આત્માએ પ્રકૃતિને પોતાના હથિયાર રૂપે બનાવી છે, તેને આધાર તરીકે લીધી છે. માણસ રથમાં બેસીને જાય ને? રથ માણસ બનાવે, જીન વગેરે માણસ બનાવે, પછી એ રથમાં બેસે. તેમ જ શરીરનો રથ આત્માએ બનાવ્યો છે. અને આમ પ્રકૃતિ આત્માની યાત્રામાં મદદ રૂપે કાર્ય કરે છે. आत्मानं रथिनं विद्धि । પ્રકૃતિ વિઘ્નરૂપે નથી. છતાં ગીતામાં કહ્યું કે, सदृशं चेष्टते स्वस्याः प्रकृतेः ज्ञानवान् अपि ।

આ યોગ તમને તમારી પ્રકૃતિ પ્રત્યે જાગૃત કરે છે. પછી તમારી પ્રકૃતિને બદલવાની ક્રિયા શરૂ થાય છે. આ યોગમાં તમારી લાગણીઓ, વિચારો વગેરેનાં રૂપ બદલાઈ જાય. વ્યક્તિત્વના આ દરેક પાસામાં નવો પ્રકાશ આવે. તેમાં નવી અવસ્થાની રચના થાય. ગુરુની દિવ્ય શક્તિ આ કપરા કામમાં મદદ કરે છે. આખી પ્રકૃતિનો વ્યવહાર બદલાઈ જાય છે. આપણે કહીએ કે પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે. પણ બીજું ક્યું રૂપ આવશે. નાટકમાં માણસ જુદાં જુદાં મોઢાં બદલી પોતાનું રૂપ પરિવર્તન કરે છે. એ રીતનું પરિવર્તન આ યોગમાં નથી કરવાનું. આમાં ઉપર ગતિ કરવાની છે. supramental transformation કરવાનું છે. આપણે એક જણ સાથે પ્રેમ કરીએ. પછી છૂટાછેડા લઈએ. વળી બીજા સાથે પ્રેમ કરી લગ્ન કરીએ. એમાં સંબંધોમાં રૂપ-અંતર થયું. પણ પ્રાણની મૂળ ભૂમિકા એની એ જ રહે છે. એ રૂપ-અંતરમાં ઊર્ધ્વગતિ થતી નથી. માનવપ્રેમનું દિવ્યપ્રેમમાં રૂપાંતર કરીએ ત્યારે રૂપાંતર થયેલું કહેવાય.

બાળકને પ્રેમ કરો એની ના નથી. માબાપો મારઝૂડિયો પ્રેમ પણ કરતા હોય છે. મરને એવું બોલતા હોય છે. એવું જેટલીવાર બોલતા હોય છે તેટલીવાર બીજું બોલતા નથી હોતા. પણ એ જ બાળક માંદું પડે ત્યારે માબાપ મરી ફીટે. આવા બે-ધ્રુવી પ્રેમનો શો અર્થ? જ્યારે રૂપાંતરિત પ્રેમ તો દિવ્ય પ્રકારનો હોય. બાળકને આશીર્વાદ આશીર્વાદ જ મળે. સતત આશીર્વાદ જ વહે એવો સંબંધ બાળક સાથે બંધાય. ત્યાં તો માતાજી બાળકને અમૃતત્વ આપે. ત્યાં indoor department છે. તમે આવનાર જનાર એ outdoor department. ત્યાં તો જે પોતાના પર ઓપરેશન કરી શકે તેને રાખવામાં આવે છે. એ ઓપરેશનો કપરાં હોય છે. એટલે તો આ યોગ બધાએ ન કરવો એમ કહેવાય છે. આમ તો જગત આખું કરે, પણ ખાંડા ખખડાવીને જેઓ યોગ કરવા તૈયાર હોય તેની પાસે જ યોગ કરાવવામાં આવે છે.

આ યોગનું કામ એટલું તો મોટું છે પહેલાં કોઈએ એ કર્યું નથી. ગીતામાં તો કહે છે મદ્‌ભાવ પામ, माम् उपास्व મને જ પગે લાગ. આ મુદ્દો ત્યાં પાકો કર્યો છે. કૃષ્ણ આત્માને કહે મારી પાસે આવ. પછી આગળ કહે કે મારી પાસે આવીને શું કરશે? તો કે નવું સર્જન કરવું. જગતમાં આ નવું સર્જન, જગતમાં દિવ્ય પ્રકૃતિનું અવતરણ થાય. એ કામ આ યોગે જ લીધું છે.

ત્યાં શ્રીમા આ કામ લઈ કેટલાયને લઈને બેઠાં છે. ત્યાં રસોડે બધા માટે બધા રાંધે. ત્યાં રસોડે કામ કરવા જાઓ તો ત્યાં એક બાજુ બહાર દાળ ચડતી હોય અને બીજી દાળ તમારી અંદર ચડે. માતાજી માટે જેટલું કામ કરો તેટલું કામ તમારી અંદર થાય. બહારના જગતમાં તમે નોકરી કરો તો પૈસા મળે, જ્યારે ત્યાં માતાજી માટે કામ કરો તો તેનો બદલો તમને અંતરમાં મળે. એટલે માણસ જો ત્યાંની પરિસ્થિતિનો સ્વીકાર કરે તો એનો બદલો હજાર ગણો આવે. તેનો ત્યાં દિવ્ય ઘાટ બને.

અમે નાના હતા ત્યારે મંદિરની ઝંડીઓ લઈ ચાલતા. પછી ગાંધીજીના ઝંડા ઉઠાવ્યા. પછી લાલ ઝંડી પર પણ નજર દોડાવી જોઈ. પણ પાછળથી થયું આ વાવટા ઉરાડવા જેવું નથી. આ બધા મનના આદર્શો છે. અત્યારે હવે આ માનો ઝંડો લઈ ફરીએ છીએ. મારાં મીસીસ કહે પહેલાં તમે ગાંધીનો ઝંડો લઈ ફરતા. હવે વળી માતાજીનો ઝંડો લઈ પ્રવચન કરવા નીકળો છો. તમે શું કરવાના છો? આવી પુષ્પાંજલિ એમના તરફથી આ ઝંડો લઈ નીકળું ત્યારે મળે.

માતાજીએ ઑરોવિલ માટે નવો વાવટો આપ્યો છે. માતાજી કહે વાવટો પણ બદલાશે. જેમ પ્રગતિ તેમ વાવટો પણ પ્રગતિ કરતો જશે. સામ્યવાદીઓની આજે ખરાબમાં ખરાબ સ્થિતિ છે. કોને પગે લાગવું તે જ તેમને સમજાતું નથી. અમારે ત્યાં આદર્શો જ્યાંથી જન્મે છે ત્યાં અમને પહોંચાડવામાં આવે છે.

ગાંધીજીનો વાવટો, કે આ, કે ઑરોવિલનો વાવટો ક્યાંથી આવ્યા? જ્યાંથી આવ્યા ત્યાં મૂળમાં આપણને પહોંચાડવામાં આવે. ત્યાં મૂળમાં પહોંચ્યા એટલે તમે પેસેન્જર મટ્યા અને ટિકિટ આપનાર બની જાઓ છો. આમ રૂપાંતરકારક શક્તિ કામ કરે છે. મૂળમાં પ્રેમ છે. તમે પ્રેમરૂપ બની જાઓ છો. નારદમુનિ એનું કામ કર્યે જ જાય છે. તેનું કામ લડાવવાનું. પણ આ યોગમાં લડવું ન પડે એવો સંબંધ થવો જોઈએ. અનંત પ્રેમ કરતાં આવડે એવું કરવાનું છે. પ્રેમની અનંત શક્તિ આપણને આપવામાં આવે છે. એવું બને ત્યારે તમે પ્રેમરૂપ બની સતત પ્રેમ વહેવડાવતા

રહો છો. મા પોતાનું વર્ણન કરતાં કહે છે કે હું પ્રેમ સિવાય છું જ નહીં. રબરના ઝાડમાંથી દૂધ ઝરે તેમ માતાજી પાસે જાઓ તો અનુભવવા મળે કે માતાજીમાંથી પ્રેમ જ ઝરે છે.

**પ્રશ્ન : ઈશાવાસ્ય ઉપનિષદમાં हिरण्मय पात्र ની વાત આવે છે, એ પાત્ર ક્યું?**

**ઉત્તર :** એ છેલ્લું બંધન છે. અત્યાર સુધી જેને પુરાણમાં ભગવાન માનવામાં આવતા હતા તે દેવો છે. અધિમનસ એ એમની ભૂમિકા છે. એનાથી પણ ઉપર ઈશ્વરની ભૂમિકા છે. અધિમનસનું બારણું તૂટયું, અને ઉપરથી પ્રકાશ, પ્રકાશ, આનંદ આનંદ જ વરસ્યે જાય છે. ગંગનાથમાં આનંદ વરસ્યો. ક્યાંથી વરસ્યો? ત્યાં તો સૂવાનું પણ ખાડા ખબચામાં હતું! ગંગનાથનો ઘાટ પણ ગંદો હતો! છતાં આનંદ વરસતો હતો! ક્યાંથી વરસતો હતો?

✤



પ્રવચન

# ૫

ભારતીય વિદ્યાલયમાં, શ્રી અરવિન્દ સ્ટડી સર્કલના
ઉદ્‌ઘાટન પ્રસંગે
૫-૪-૧૯૬૮ / સાંજે ૪.૩૦ થી ૫.૦૦

**[ વિદ્યાર્થીઓ સાથે વાતચીત – વીર યોદ્ધા બનજો – સુંદર બનજો – મહાન ગુરુ શ્રી અરવિન્દને સાથે રાખજો – આશીર્વાદ માગજો, પ્રાર્થના કરજો. ]**

**વ**હાલા વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને બીજા મહાનુભાવ – આજનો પ્રોગ્રામ મને બહુ ગમ્યો. બીજે લોકો બોલાવે, બેસાડે અને એ લોકો પોતે બેસે અને મારે બોલ બોલ કરવાનું. અહીં મને કેટલું બેસવાનું મળ્યું. વિદ્યાર્થીઓએ શ્રી અરવિન્દ જીવન, (લેખકઃ એ. બી. પુરણી)માંથી વાંચ્યું હતું તે દરમિયાન મને ઘણું સાંભળવાનું મળ્યું. બીજે મારે સંભળાવવું પડે. તમારું ગીત લાંબું ચાલ્યું હોત તો કેટલું સારું થાત. કોક બોલે એમાં જ મઝા આવે.

તમે શ્રી અરવિન્દનું નામ કેટલું બધું લીધું. એથી ઘણું કામ થયું. આપણે સમજી શકીએ તેથી પણ વધુ કામ થયું. તમે સ્ટડી સર્કલ કર્યું. તમે જ અભ્યાસ કરશો ને? સ્ટડી સર્કલ તમે સમજીને જ ચાલુ કર્યું હશે અને ચાલુ રાખશો. અહીં છબીઓ મૂકી છે. કેટલી છબીઓ છે?

એક વિદ્યાર્થી : બે.

સુન્દરમ્‌નો પ્રશ્ન : કોની છે?

એક વિદ્યાર્થી : અરવિન્દ ઘોષ અને મધર.

સુન્દરમ્ : આ માતાજી, આ શ્રી અરવિન્દ. આપણે ઘોષ શબ્દ વાપરતા નથી. આપણે શ્રી અરવિન્દ કહીએ છીએ. મારે બોલવાનું નથી, પણ આશીર્વાદ આપવાના છે. (સ્કૂલે નક્કી કરેલા અને લખેલા કાર્યક્રમમાં શ્રી સુન્દરમ્‌ના આશીર્વચન એમ લખ્યું હતું.)

તમે ભણવા માંડ્યું છે તો ખૂબ ખૂબ ભણો. શ્રી અરવિન્દ અને શ્રી માની ઘણી ચોપડીઓ છે. શ્રી માની વાર્તાઓનું પુસ્તક 'સુંદરકથાઓ' ન વાંચ્યું હોય તો વાંચજો. અમારા વિદ્યાર્થીઓ જે પ્રાર્થના કરે છે, અમને વીર યોદ્ધા બનાવ... વગેરે, તે વાંચજો.

આ દીવો આપણે સળગાવ્યો, તે ઓલવાઈ ગયો તેથી તકલીફ થઈ છે. હમણાં જોઈએ એટલું અજવાળું છે ને? એટલે જ્યાં અજવાળું હોય, દીવો ન હોય, અને હોય અને ઓલવાઈ જાય તો યે વાંધો નહીં. પરંતુ આપણે તો તે છતાં સળગાવ્યો. આપણને એટલું ખબર કે દીવો સળગાવીએ તો અંધારું ઓછું થાય. પણ આપણને હવે બીજું જ્ઞાન પણ થયું. દુનિયામાં એકલું અંધારું નથી, પવન પણ છે. એકલો સૂર્ય છે એ બસ નથી. બારણું બંધ કરાવ્યું તો મને ગરમી થઈ. બારણું ખોલાવ્યું ત્યારે ઠંડક વળી. પવનની પણ આપણને જરૂર છે. બધા દેવો છે, તેમ પવનનો પણ દેવ છે.

શ્રી સુન્દરમ્ : કોણ?

એક વિદ્યાર્થી : વાયુદેવ.

શ્રી સુન્દરમ્ : એનો પુત્ર કોણ?

એક વિદ્યાર્થી : હનુમાન અને ભીમ

શ્રી સુન્દરમ્ : આપણને બન્નેની જરૂર. યુધિષ્ઠિર જ્ઞાનના દેવ. પવન પણ જોઈએ એટલે ભીમ. ભીમ અને અર્જુન બેમાં શું ભેદ?

એક વિદ્યાર્થી : ભીમને બાણ ફેંકતા ન આવડે, ખૂબ ખાય, ગદા ચલાવે, કુસ્તી કરે.

સુન્દરમ્ : સહદેવને ખાસ શું આવડે?

એક વિદ્યાર્થી : ત્રિકાળ જ્ઞાન.

સુન્દરમ્ : એ પાંડવોની લાયબ્રેરી. એને શી તકલીફ હતી?

એક વિદ્યાર્થી : કોઈ પૂછે ત્યારે જ જવાબ આપી શકે.

સુન્દરમ્ : સૌથી છેલ્લે કોણ?

એક વિદ્યાર્થી : નકુલ.

સુન્દરમ્ : તે શાનો નિષ્ણાત?

એક વિદ્યાર્થી : કપડાંનો શોખીન હતો.

સુન્દરમ્ : શું તે દરજી હતો? (હાસ્ય). તે ખૂબ રૂપાળો હતો. કપડાંનો ખૂબ શોખીન હતો. આપણે ત્યાં નહીં, પણ અમેરિકામાં Best dressed man છે એમ સારા કપડાં પહેરનારનું વર્ણન અપાય. ઓળખાણ આપતી વખતે પણ આવું વર્ણન કરવામાં આવે. ભીમ ભલેને કુસ્તી કરે, તેને કપડાં પહેરતાં ન આવડે. પણ તેનામાં માણસાઈ તો ખરીને? આવા પાંચ પાંડવો ભેગા થાય ત્યારે જીવનની પૂર્ણતા પ્રગટે.

સુન્દરમ્ : છઠ્ઠું કોણ?

એક વિદ્યાર્થી : કૃષ્ણ.

સુન્દરમ્ : કૃષ્ણ ન હોત તો કાંઈ ન થાત. પાંચ પાંડવ આંગળાં જેવા. કૃષ્ણ હાથ. એ બધા મળીને આખું મહાભારત બને છે. જગત એવી રીતે ચાલે છે કે તમારે શ્રીકૃષ્ણથી માંડી નકુલ સુધીના બધાની ભાઈબંધી કરવાની છે. તેથી જ વિદ્યાર્થીઓની પ્રાર્થનામાં આવે છે ''અમને વીર યોદ્ધા બનાવ.''

જ્ઞાન મેળવવું. સંગીત પણ શીખવું. સારાં કપડાં પણ પહેરવાં. વાળ પણ તમે અનેક સ્ટાઈલના રાખી શકો. બોબ્ડ હેર કોઈ રાખતું નથી? અહીં કોઈ છે? ઓહ, એક જણ છે. બોબ્ડ હેર સુન્દર હોય છે. ત્યારે તમને વાળ પણ સુન્દર રાખતાં આવડવું જોઈએ. વિચાર સુન્દર બનાવો. વાણી પણ સુન્દર બનાવો. શ્રી અરવિન્દ પણ આ વિદ્યા શીખવશે. શ્રી અરવિન્દ આવ્યા છે, પૂર્ણતા કોને કહેવાય એ એમની પાસે જાણો. એમને પગે લાગજો. બધું જ માગજો, માત્ર અમુક અમુક જ ન માગતા. તમારું ખૂબ કામ થશે. હું ફરી વાર તમને મળીશ ત્યારે બધો હિસાબ લઈશ. ત્યારે અહીં કોણ હશે ખબર નહીં, ચાલ્યા જશોને? ગમે ત્યાં જાઓ, પણ આ મહાન ગુરુ તમારી સાથે રહેશે.

એમના આશીર્વાદ માગીએ. અમને વિદ્યા, જ્ઞાન, સુન્દરતા, નૃત્ય, લડાઈ, યુદ્ધ, ધ્યાન, ભગવાનની ભક્તિ કરતાં શીખવો, કળા શીખવો, એવી એવી પ્રાર્થના કરજો.

✤



## પ્રવચન

## ૬

રામધૂનમંડળમાં
૫-૪-૧૯૬૮ / સાંજે ૫.૩૦ થી ૫.૪૫

**[ રામ – કૃષ્ણ – રામનું કામ – દેવોની જરૂર – અદિવ્યતા વીંધી નાખવાની છે – મનુષ્યમાં ભગવાનનું દિવ્ય સ્વરૂપ પ્રગટવું જોઈએ. ]**

**હું** બોલું એનાં કરતાં મને તો રામધૂન સાંભળવી બહુ ગમે. માત્ર નામ પણ કેટલું મોટું કામ કરે છે. પૃથ્વી પર રામ આવ્યા. ભગવાને ઘણું મોટું કામ કર્યું. ભગવાન કૃષ્ણ કહી ગયા મારો જન્મ દિવ્ય છે, મારું કર્મ દિવ્ય છે. પણ આ દિવ્ય જન્મ અને કર્મ એટલે શું? રામ આવ્યા અને ગયા. કૃષ્ણ આવ્યા અને ગયા. આ આવી ગયા, તો જતા રહ્યા એનો શું અર્થ? એઓ અહીં રહે કે નહીં તેનો જવાબ ભગવાને આપવો જોઈએ. તમે અંતર્યામી એટલું જ બસ છે, એવો પ્રશ્ન કરી શકીએ? તમે વિશેષ કંઈ કરી શકો કે નહીં? આવા પ્રશ્નોના જવાબ ભગવાન આપી શકે. કારણ  એઓ ભગવાન છે. આવવા જવાનું એમણે ગોઠવ્યું છે. જગત છે એટલે જગતનિયંતા છે. ભગવાન ક્યાંયે ઠરીને બેઠા નથી. આયોધ્યાથી લંકા ગયા, અને રાજા હતા છતાં વનમાં વસ્યા. મથુરામાં જન્મી વૃંદાવનમાં ગયા, પાછા દ્વારકામાં ગયા. કુરુક્ષેત્રમાં પણ રહ્યા. આમ ભગવાન ફર ફર કર્યા કરે. અત્યારે ભગવાન ફર ફર નથી કર્યા કરતા એની શી ખબર? પૃથ્વી પર ફરે છે કે નહીં? ભગવાન દર્શન દેતા હશે કે નહીં? મળે કે નહીં? એનું આટલું નામ લઈએ તો આપણું નામ લેતા હશે? ભગવાન આપણું સુખદુઃખ

મટાડે એટલા માટે જ કામના થોડા છે? ભગવાન એટલા માટે છે કે એ કામ બતાવે એ કરીએ. એ તમે ભગવાનને શોધી અને માગશો ત્યારે બતાવશે. આપણું દુ:ખ મટે, આપણું કામ સિદ્ધ થાય એનો આનંદ ખરો. ગાંધીજી કહેતા બધા રોગનું ઓસડ રામનામ. રામચન્દ્રની ડિસ્પેન્સરીમાં જવું જોઈએ. કોણ જાય? કેવા હશે? મેં જોયા છે: સોરાષ્ટ્રમાં ફરતો હતો, ગાડીમાં સાથે એક પ્રવાસી ઘરડા બાવા હતા. મને વિચાર આવ્યો આ સાધુ સંતો ઘરડા થાય ત્યારે શું થાય? એ ઘરડા બાવાજીએ જવાબ આપ્યો કે ભગવાન છે ને? તે અમારું સંભાળી લે ને? આપણું સુખદુ:ખ મટે, પછી શું?

રામ દુ:ખી ઘણા થયા એટલે સુખી કે દુ:ખી થઈએ એ મહત્ત્વનું નથી. રામચન્દ્રે લડાઈ કરવી પડી. પડે જ. નથી લડવું એવું નક્કી ન કરી શકે. મતલબ દુ:ખમુક્તિ મુખ્ય નહીં. ભગવાનનું કામ થાય કે નહીં તે મુખ્ય. આપણે એવું કહેતા થવું જોઈએ કે મારાં કામ પૂરાં થયાં. હવે તમારું કામ મને આપો. ત્યારે આપણને કામ મળે. રામ હાજરાહજૂર પણ છે. તે તમને સીધું કામ આપે. કામ એ જ રામ. દુનિયામાં આવું કામ કરનાર માણસોની જરૂર છે.

પૃથ્વી પર હવે દેવોની જરૂર છે. પૃથ્વી પર માણસના શરીરમાં मनुष्यरुपेण देवाश्चरन्ति એવું બનવું જોઈએ, એમ બને તેમ કરવું જોઈએ. મોટામાં મોટું ભગવાનનું કામ આ છે. અત્યારે જે અદિવ્યતા છે તે વીંધી નાખી, મનુષ્યમાં ભગવાનનું દિવ્ય સ્વરૂપ પ્રગટે એમ થવું જોઈએ. દિલમાં રામ વસે એટલું જ નહીં, માણસમાં રામ પ્રગટ થવો જોઈએ. ભગવાન જગતમાં પોતાનું રૂપ પ્રગટ કરવા માગે છે.

એટલે રામના કામમાં જોડાઈએ, એનું કામ માગીએ, એનું કામ કરીએ, ત્યારે રામ આપણા થશે.

✤

## પ્રવચન

## ૭

'નવયુગ સોસાયટી'ના ઉપક્રમે
૫-૪-૧૯૬૮ / સાંજે ૬.૨૫ થી ૭.૫૫

**[ શ્રી દેવજીભાઈ – નાના વિદ્યાલયમાંથી મહાવિદ્યાલય – ગતિનું મૂળ હાથમાં જોઈએ – મન અને વાણી – વાણીની શક્તિ – આખું જગત અને સામે ૐ – ગુરુની શક્તિ – યોગશક્તિ – શ્રી માતાજી જ યોગ કરાવે છે. ]**

**વહાલાં બહેનો અને ભાઈઓ,**

**પો**રબંદરમાં મારા ૨૪ કલાક કરતાં વધુ કલાક વીત્યા. છેલ્લા કલાકોમાં, આજ સાંજે સૌને મળવાનું બને છે. મને આનંદ થાય છે. જે પંદર વર્ષનો ઇતિહાસ શ્રી દેવજીભાઈએ કહ્યો, ત્યારે એ દિવસો યાદ આવ્યા જ્યારે પહેલા હું અહીં આવેલો. ते हि नो दिवसो गताः । ત્યારે સુદામાની નાની ઝૂંપડી જેવું વિદ્યાલય હતું. તેમાંથી મહાવિદ્યાલય થયું. સુદામાના ઝૂંપડાનો મહેલ બનાવ્યો, એ ચમત્કાર આજે જાણવા મળ્યો. રંકને રાય કરવા અને રાયને રંક કરવા એ ભગવાનની બેવડી નીતિ છે. ક્યા રાજા તે રંક થયા અને ક્યા રંક રાજા થયા? આ ૧૫ વર્ષના ઇતિહાસમાં બંને બનાવો બન્યા. હિન્દુસ્તાનના બધા રાજાઓ રંક થયા છે. દેશી રાજાઓ હતા એ જ રંક નથી થયા, જગતમાં જે મહાન રાજ્યસત્તાઓ હતી, તે પણ રંક થઈ છે. કઈ સત્તાને રંક બનાવવામાં આવી નથી, એ જ પ્રશ્ન છે. पङ्गुं लङ्घयते गिरिम् એવા

પણ ચમત્કારો જોવા મળે છે. દેવજીભાઈએ ઇતિહાસ આપ્યો, ત્યારે આપણને દિંગ કરે એવી વાતો જાણવા મળી. લાખે લેખાં લેવાતા હોય એવી પ્રવૃત્તિ દેવજીભાઈના હાથમાં છે.

આમ લક્ષ્મી ભગવાનની છે અને તે ગતિ કરે છે, શક્તિ પણ ભગવાનની છે એ પણ ગતિ કરે છે. એટલે આ જે ગતિનું મૂળ છે તે હાથમાં આવે તો આપણું કામ થઈ જાય. તમે દર મહિને એક વ્યાખ્યાન સાંભળો છો એમાં એનું પણ એક વ્યાખ્યાન આવવું જોઈએ. આપણા કોલાહલોને દબાવે એવો એક અવાજ જગતમાં આવવો જોઈએ. એવું પણ વ્યાખ્યાન આવવું જોઈએ, જેમાં બોલવાનું ન હોય. બોલીને અટકી જવાય ત્યાં પહોંચાય એવું વ્યાખ્યાન. ''यतो वाचो निवर्तन्ते, अप्राप्य मनसा सह ।'' વાણી ત્યાંથી પાછી ફરે, કારણ હાથમાં કંઈ આવતું નથી. પાછી ફરે ત્યારે મનને પણ સાથે લાવે. વાણી મનને કહે તું શા માટે ત્યાં જાય, તારું પણ ત્યાં કાંઈ વળવાનું નથી.

આ હૉલમાં તમને બેઠેલા જોઉં છું ને મને લાગે છે કે હું મોટી મોટરમાં બેઠો છું. ઓછા માણસની સભા હોય ત્યારે મને લાગે વિમાનમાં અમે બેઠા છીએ. ટ્રેઈન બહુ સંતોષ ન આપે, મોટરમાં છેડે સુધી બધા દેખાય. એ મોટરમાં પછી જાત્રાએ નીકળીએ અને આનંદ થાય તેવો આનંદ અનુભવું છું. એટલે કે તમને બધાને લઈ જવા માગું છું. એમાં પણ કાવતરું છે. બહુ બોલ્યા, બોલ્યા પછીનું કાંઈ છે કે કેમ? બહુ ભાષણ કર્યાં, હવે ભાષણ ન કરવું પડે એવું કાંઈ છે કે કેમ? હા, એવો યુગ જગતમાં આવી રહ્યો છે. હવે માણસે બહુ બોલવું નહિ પડે.

જ્યાંથી વાણી પાછી ફરે, મનને પણ કહે પાછું હાલ, અહીં તારું કામ નથી, ત્યાંથી વાણીને અને મનને મૂકીને અંતસ્થ પુરુષ આગળ વધે છે. સરસ્વતી દેવી જ બોલવાનું કામ કરે છે. મહાકાલી, મહાલક્ષ્મી બોલતાં નથી. સરસ્વતી બોલવા કરતાં સંગીત વધારે કરે છે. બોલવાનું ત્યારે બને જ્યારે કોઈ સાંભળનાર હોય. સંગીત તો એકલા પણ કરી શકાય. એટલે કદાચ સરસ્વતી સંગીત જ કરતી હશે. વાણીથી ઉપરની પણ એક શક્તિ છે.

રેડિયો બોલે છે, એમાં વિજળી સળગે છે, તે બોલતી નથી. તમે બટન દબાવો ત્યારે એ પોતે વાણીરૂપે પ્રગટે નહીં તો ગુપ્ત રહે. જગતમાં એમ જ ઘણાં તત્ત્વો છે કે જે અવ્યક્ત છે, અને વ્યક્ત થાય છે. વિજળી ગુપ્ત છે, એણે પ્રગટ પણ થવું જોઈએ. દીવા સળગાવવા જોઈએ. પછી એ દીવાએ રેડિયો ચલાવવો જોઈએ. વિજળીથી અજવાળું જ થાય એવું નથી. એનાથી મોટર પણ ચાલે. આવું સૂક્ષ્મ અકલિત જગત

છે. આ બધી શક્તિઓ છે એમાં વાણીની પણ શક્તિ છે. આખા જગતની સામેના પલ્લામાં એક જ શબ્દ મૂકો તો તે પર્યાપ્ત છે. એ શબ્દ છે ૐ. ૐ એટલે આખું વિશ્વ. જેટલું બધું અપ્રગટ છે તે બધું એ શબ્દમાં આવી જાય છે. છતાં એ શબ્દ શબ્દાતીતમાં લઈ જાય છે. જગતમાં બે ગતિ જોવા મળે છેઃ અપ્રગટ તે પ્રગટ થાય છે અને પ્રગટ થયેલું પેલા અપ્રગટ તરફ લઈ જાય છે. આમ બધું જ આગળને આગળ જાય છે. એટલે હવે આપણા આ જીવનનો રથ-સંઘ જ મહાયાન છે – આપણી જે ઘણી મોટી મોટર છે એ ક્યાં જશે?

गुरोऽस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः । ગુરુ વ્યાખ્યાન કરે અને શિષ્યના સંશયો દૂર થાય. તમારી અંદર એ દાખલ થાય, તમને જ્ઞાન મળી જાય. એટલે હવે ઉપરની ગતિ થઈ રહી છે. આ ગુરુ ક્યાં બેઠા છે? શું કરે છે? વ્યાખ્યાન બોલતા નથી, તો આપણને જ્ઞાન કેવી રીતે મળે છે. એ વાણીથી ઉપર છે. ગુરુ દૃષ્ટિપાત કરે, જુએ તો પણ ઘણું કામ થાય. એ થોડું હસે તો પણ કામ થઈ જાય. માતાજીનું એક વાક્ય છે, ''A smile acts upon difficalties as the sun upon the clouds – it disperses them.'' વાદળોને પવન વેરે, પણ આ કોક બેઠું બેઠું હસે અને વાદળ વેરાઈ જાય. માતાજી કહે છે હસો અને મુસીબતો વેરાઈ જશે. હસો અને કાંઈક થશે. આ શું હશે? શ્રીકૃષ્ણ ઘણાં કામો કરતા, એમાં એક હસવાનું કામ પણ કરતા प्रहसन्निव भारत। ગાંધારીએ એમને શ્રાપ આપ્યો કે તારા કુળનો નાશ થજો ત્યારે પણ હસતા હતા. રામચન્દ્ર ઘણું રડ્યા હતા, પણ કૃષ્ણ રડ્યા હોય એવું ક્યાંયે આવ્યું નથી. ગંભીરમાં ગંભીર પરિસ્થિતિમાં એ અકળાયા નથી, નિરાશ નથી થયા. આખું કુરુક્ષેત્ર જિતાડી આપ્યું, છતાં સ્મિતમય. કુરુક્ષેત્રમાં તો એ ક્યાંથી હસે?

શ્રી અરવિન્દે મંત્ર આપ્યો છેઃ ॐ आनन्दमयि चैतन्यमयि सत्यमयि परमे । આમાં પરમાત્માનું વર્ણન છે. તેની શક્તિ શ્રી માનું પણ વર્ણન છે. નર્યા આનંદની જ એ અવસ્થા છે. એ આનંદ ચૈતન્યમય છે – રણઝણે છે. ચૈતન્યમયી શક્તિ વળી સત્યમયી છે. એક શક્તિમાં બધું જ મૂળ સત્ય બેઠેલું છે. વળી એ શક્તિ પરમે છે, બધાથી ઉપર છે. વાણીથી પણ ઉપર છે. હસતી નથી, ચાલતી નથી, દૃઢ આસન જમાવીને ત્યાં બેઠી છે. આ બધાં જે સ્થળ છેઃ આપણું શરીર, હૃદય, કેડ, મગજ, મગજની ઉપર – તે બધા પર પણ કાર્ય કરે છે. મગજની ઉપર વાળ જ છે કે બીજું કાંઈ પણ છે. છ ચક્રો કહ્યાં છે ને? છ પૈંડા પર આપણું કારખાનું ચાલે છે એમ કહેવાયું છે ને? એ દરેકને તમે ગતિમાં લાવી શકો છો. ઉપર જવાય અને નીચે પણ જવાય. કેટલાક કુંડલિની જગાડે છે. ઉપર સહસ્રાર ચક્ર અને નીચે મૂલાધાર ચક્ર છે. સહસ્રાર કમળ જે મસ્તિષ્કની

ઉપર છે તે સાતમું છે, તે અંદર નથી આવતું. પણ માતાજી કહે છે કે બાર ચક્રો છે. મૂલાધારથી નીચે પણ ચક્રો છે. આપણે વચમાં ગોઠવાયેલા છીએ. યોગીઓ અત્યાર સુધી છ ચક્રમાં ગતિ કરતા આવ્યા છે. સાતમા ચક્રમાં જાવ તો ત્યાંથી બ્રહ્મરસ ટપકે એવો અનુભવ નોંધાયો છે. તેઓ કહે કુંડલિની શક્તિ સાપના જેવી છે. તેને જાગૃત કરો તો આમ સડસડાટ કરતી ઉપર ચઢે છે. ત્યારે બધી જ ઉત્તમ અવસ્થા તમને પ્રાપ્ત થાય. કોક ચક્ર દબાવો તો અમુક ક્રિયાઓ થઈ શકે. અહીં એ પાઠ આપવાનો નથી. અમારા ગુરુ એ વિદ્યા ભણાવતા નથી. તે કહે આપણે બીજી રીતે સાધના કરી શકીએ. એ એની મેળે જાગે. મુદ્દાની વાત એ છે કે ઉપર જવાનું અને બ્રહ્મમાં પહોંચવું. મહાનમાં મહાન શક્તિ યોગશક્તિ છે. કુંડલિની જાગૃત કર્યા વગર તમારા રથને સડસડાટ ઉપર લઈ જાય. ત્યાં પહોંચ્યા પછી વાણી અને મનને પણ વિદાય કરી દેવામાં આવે છે. એ આનંદના પરમ ધામમાં આપણે પહોંચવાનું છે. ગુરુ બોલતા નથી. એ સીધા ઉપાડે અને ત્યાં મૂકે. એ છે પરમાત્માની શક્તિ. આ સિદ્ધિઓનો યુગ છે, સાક્ષાત્કારોનો યુગ છે. જેમ અવકાશમાં વિજ્ઞાને ઉચ્ચતમ સિદ્ધિઓ મેળવી છે, તેમ હવે યોગે પણ ઉચ્ચતમ સિદ્ધિઓ મેળવી છે, હવે એ તમને ઠેઠ ઉપરમાં ઉપરનું તત્ત્વ પણ આપી શકે છે. શ્રી અરવિન્દે કહ્યું છે. ''Yoga must be revealed to mankind, because without it mankind cannot take the next step in the human evolution.''

યોગ તો હતો જ. લુપ્ત થયેલો તે શ્રીકૃષ્ણે ફરી અર્જુનને આપ્યો. શ્રી અરવિન્દ અને શ્રી માએ એ યોગ હવે આગળ ચલાવ્યો. શ્રી અરવિન્દ શરીરમાં નથી, શ્રી મા છે. એ યોગ આગળ વધતો ને વધતો માનવજાતિને ઉત્તમ સિદ્ધિમાં લઈ જશે. આ મોટો બનાવ છે.

મનથી ઉપર સહસ્રાર છે કે નહીં એવા સવાલો મને થતા. પછી મને કમળ જેવું દેખાવા લાગ્યું. જો કે એનો ભાર ન લાગે. આંખો બંધ કરીએ ત્યારે દેખાય. ઉપરની સૃષ્ટિઓ આપણામાં ઊતરે છે. પછી પેલું સ્મિત ઊતરે છે. માતાજી તમારી સામું જોઈને હસે ત્યારે તમને થાય કે તમને બધું આપી દીધું છે. ઘણાં વર્ષ ત્યાં રહ્યો પણ માતાજી સાથે ભાગ્યે જ વાત કરી છે. કોઈ વાર વાત થાય ત્યારે થાય વાતો ન કરી હોત તો સારું! માતાજી બોલ્યા વગર આપણા સામું જુએ. અને આપણી સમક્ષ અનન્તની દુનિયાઓ ખુલે છે, અનન્તની દુનિયાઓ ત્યાં આપણી સામું જોઈ રહે છે. માતાજી મસ્તક પર હાથ મૂકે, સ્પર્શ કરે ત્યારે થાય કે એમણે એમનો ભંડાર આપણામાં ભરી દીધો છે.

માતાજી ત્યાં જેને જેટલું પચે એમ હોય તેટલું જ આપે. મને અઠવાડિયામાં એક જ વાર પગે લાગવા જવાનું મળતું. સાંજે એમને મળીને આવું ત્યારે આખી રાત અજવાળાં દેખાય, ઊંઘવાનું જ ન મળે. જે સૂર્ય દેખાય છે એનાથી હજાર ઘણો પ્રકાશ જોવા મળે. તમે ન જોઈ હોય એવી સૃષ્ટિઓ જોવા મળે. એમાં સુન્દરતાનો તો હિસાબ જ નહીં. ફૂલો તો એટલાં બધાં દેખાય, બગીચાઓ તો એટલા બધા દેખાય, થાય કે ચિત્રકાર હોઉં તો ચિત્ર બનાવું. પક્ષીઓ પણ એક આમથી આવે, એક આમથી, એમ આવ્યે જ જાય. આમ ધ્યાનમાં ઘણીવાર ઘણું ઘણું દેખાય, પણ માતાજીને પ્રણામ કર્યા પછી આખી રાત દેખાય. થાય કે હવે આ નહીં વેઠાય. નસોને કંઈ થઈ જશે. છતાં ગમે, ખૂબ ગમે. આમ માતાજી આપણને આંગળી અડાડે ત્યારે આપણામાં ઉપરની સૃષ્ટિ ભરી દે છે.

યોગની સિદ્ધિનું આ વર્ષ છે. દક્ષિણા તમે વાંચતા હશો. એમાં અમે ખૂબ કોલાહલ કર્યો છે. ૪-૫-૬૭નો દિવસ ગયો. આ શું છે? આ સિદ્ધિનું વર્ષ છે.

હવે આ શક્તિ સિદ્ધિની ભૂમિકામાં પ્રવેશી છે. તે હજારો માણસોમાં પ્રવેશી શકે છે. આનંદ, ચૈતન્ય અને સત્ય બધું માણસમાં ગોઠવાય છે. એવો યુગ આવ્યો છે, જ્યારે ભગવાન હાજરાહજૂર છે. ભગવાન સાથેનો સંબંધ હવે પ્રગટ રીતનો ગોઠવાયો છે.

માતાજી છે તો જ આ યોગ થઈ શક્યો છે. માતાજી ન હોત તો દુનિયાને જ્યાં લઈ જવામાં આવી છે ત્યાં લઈ જઈ શકાઈ ન હોત. એ તો વિશ્વવ્યાપિની શક્તિ છે. જેમણે માતાજીનું નામ પણ સાંભળ્યું ન હોય તેમને શ્રી માતાજીનાં દર્શન થાય છે. હું પોંડિચેરીમાં બેસી ગયો, પછી માતાજીએ મારા કુટુંબને આવવાની રજા આપી. અમારાં મિસીસ અમદાવાદથી નીકળ્યાં ત્યારથી માતાજી જ એમને દેખાય. આપણે ભગવાન પાસે જઈએ, ભગવાન આપણી પાસે આવે. એક જણને કાશ્મીરમાં શ્રી અરવિન્દ દેખાયેલા. દિલ્હીમાં આવ્યો અને ફોટો જોયો ત્યારે કહે આમને મેં જોયા છે. કાશ્મીરમાં એને કેવી રીતે દેખાયા? આ ગપ્પું નથી, હકીકત છે. જોકે મને કાંઈ આવું દેખાયું નથી. મને તો પેલાં અજવાળાં દેખાતાં.

અહીં આપણું શરીર તે ત્યાં ઉપર તૈયાર થાય. હું ધ્યાનમાં હોઉં ત્યારે એ મારું ઉપરનું સ્વરૂપ દેખાય. જો પોતાના પૂર્ણ સ્વરૂપનું ધ્યાન કરો તો ઉપર જઈ શકો. એ સ્વરૂપ પછીના આ સ્થૂલ સ્વરૂપની વચ્ચે ઘણા અંતરપટમાં શક્તિ વિવિધ રૂપે ગોઠવાયેલી છે.

રાજકોટમાં મારા ભાઈબંધને સ્વપનું આવ્યું: સુન્દરમ્ મૃત્યુ પામ્યા. પછી માતાજી આવ્યાં. એ મને ચગદવા માંડ્યાં. એમાંથી હજારો સુન્દરમ્ થયા. અનેક ઘરમાં પેસી ગયા. આ છે આગળની વાત.

માતાજી કહે છે મારા સંબંધમાં આવે તેને મારું એક રૂપ આપું છું: મારો પ્રાદુર્ભાવ – emanation. આપણા અનેક રૂપ થઈ શકે છે. તમે અનેક રૂપે અનેક સાથે કામ કરી શકો છો. આપણે ભગવાનને ભૂલીએ, ભગવાન આપણને ન ભૂલે.

આખી મનુષ્ય જાતિને યોગ આપવો પડશે. કેવી રીતે? કલાસ ખોલી? બધા થોડા આશ્રમમાં આવી શકે? આ શક્તિ કરોડો રૂપમાં કરોડો સાથે કામ કરે છે. દરેક પાસે એનું રૂપ રહે છે જે યોગ કરાવે છે. આપણે માગીએ કે અમારાં સ્પેશિયલ માતાજી અમને આપો, અને મળે. આ યોગને શ્રી અરવિન્દે પૂર્ણયોગ કહ્યો છે. એ માને બોલાવીએ અને આપણી પાસે આવી ઉભાં રહે એવું બનશે. ત્યારે સુવર્ણયુગનો આરંભ થશે.

✤

## પ્રવચન

# ૮

શ્રી સુન્દરમ્‌ની ષષ્ટિપૂર્તિ નિમિત્તેઃ
શ્રી રતિભાઈ છાયાના ઘરે
૫-૪-૧૯૬૮ / રાત્રે

પ્રવચન પહેલાં શ્રી રતિભાઈ શ્રી સુન્દરમ્‌ને ષષ્ટિપૂર્તિ નિમિત્તે અભિવંદન કરી, ભેટ સ્વરૂપે એક સુંદર ખેસ આપે છે.

**[ જન્મદિવસનું આશ્રમમાં મહત્ત્વ – જીવન, આશ્રમમાં અને આશ્રમની બહાર – અમૃતત્વની સાધના. ]**

**લા**ગે છે બીજું કાઈ નહીં તો આટલો પ્રેમ ઝીલવા પણ ૬૦ વર્ષ પૂરાં કરી નાખવાં જોઈએ. (શ્રોતાગણ ખડખડાટ હસી પડ્યો.) બધી વસ્તુમાં સૌથી મુખ્ય વસ્તુ તે આનંદ છે.

આશ્રમમાં ગયા પછી જન્મદિવસનું મહત્ત્વ જણાયું. તે પહેલાં હું જન્મતારીખની ભાગ્યે જ નોંધ લેતો. વીમો ઉતરાવતી વખતે જન્મ તારીખ શોધી કાઢવી પડેલી. શોધતાં એક જૂની ડાયરી મળી. અમારા દાદાએ તેમની ભાષામાં એમાં લખેલું, ‘‘પુરુષોત્તમની વહુને દીકરો આવ્યો. નામ પાડું નથી.’’

આશ્રમમાં જન્મદિવસ એક climax પરાકાષ્ઠા બની જાય છે. રોજ ન મળે, પણ એ દિવસે ફૂલોથી માંડી અનેક વસ્તુ મળે. એ દિવસે જન્મ લેતા હોય તેવું આંતરિક ચક્ર પ્રવર્તિત થાય. ત્યાં લગ્ન તો થતાં નથી. અહીંના જીવનમાં લગ્નજીવન શિખર રૂપે, ત્યાંના જીવનમાં જન્મદિવસ શિખર રૂપે, અનુભવાય. એ દિવસે માતાજીને પ્રણામ કરવાના હોય. એ દિવસે ઘણા નવા સ્ટાર્ટ મળે. મેંદીના જેવો એક છોડ આવે છે. એના ફૂલનો પ્રતીકાત્મક અર્થ છે નવજન્મ. માતાજી એ New Birth નું ફૂલ આપે. આ જન્મમાં જ નવો જન્મ થાય. ત્યાં શ્રી મા સાધકોનાં નામો પણ બદલી નાખે. એકનું ફ્રેન્ચ નામ પાડ્યું, જેનો અર્થ અંગ્રેજીમાં 'રીબૉર્ન' થાય. કેશવદેવને નામ આપ્યું – નવજાત. આપણે એક જન્મમાંથી બીજા જન્મમાં જતા હોઈએ તેવું એ દિવસે બને છે. માતાજી નવી ચેતના મૂકી આપે છે. એટલી ઝડપથી નવાં તત્ત્વો દાખલ થાય અને જૂનાં તત્ત્વો અદશ્ય થાય કે નવાઈ લાગે. ભૂતકાળ એટલો બધો ઝડપથી અદશ્ય થાય છે. આટલા બધા નવા નવા પ્રદેશો છે એ જાણી આશ્ચર્ય થાય. આ નવા નવા જન્મો થાય તેમાં જાણવા મળે કે કેટલીયે વૃત્તિઓ, અવસ્થાઓ અને કેટલીય વસ્તુઓ જે આ જીવનમાં પૂરી ન થાય એવી લાગતી તે તો કયાંની ક્યાં ખલાસ થઈ ગઈ. આવા નવા જન્મના રોમાંચ મળ્યા જ કરે.

કામની ગતિ પણ એટલી બધી જુદી. વરસ મહિના જેવું જ લાગે. જીવનમાંથી ભાર ચાલ્યો જાય છે. જીવન જાણે કે હંમેશાં એક તાજી જ વસ્તુ રહેતી હોય છે એવું લાગે.

લોકો કહે અમે ઘરડા થયા. માણસ ખરેખર ઘરડા થાય છે જ. આ યોગમાં અમૃતત્વની સાધના છે. આપણે તો અમૃતત્વમાં રહેનારા છીએ એવું ત્યાં આશ્રમમાં લાગે. આશ્રમમાં તમારી જાતને તમે બાળક રૂપે અનુભવો. હું ત્યાં પ્રથમ ગયો ત્યારે મેં જોયું કે મોટી મોટી ઉંમરનાં દાઢીવાળા માણસો માતાજી પાસે બાળક જેવા લાગે. તેમની ઉંમરનો ભાર જાણે કે લઈ લેવામાં આવ્યો છે. જીવન એ અમૃતત્વની યાત્રા લાગે.

આશ્રમમાં મૃત્યુ તો થાય છે. પણ માનવ મરી નથી જતો, પણ બીજે...બીજે જતો હોય એવું લાગે છે.

એટલે કે, આશ્રમમાં, આપણે એક મહાન વસ્તુ સાથે જોડાઈ જઈએ છીએ. શા માટે આ જન્મમાં આવ્યા છીએ તેની સમજણ પડે છે. જીવનનો રસ પણ સમજાય છે. જીવનનો આનંદ પણ પ્રગટ થાય છે.

આ વર્ષનો સંદેશ ખબર છે ને? ''Remain young, never stop striving towards perfection.'' નવસારીમાં ગોવિન્દકાકા છે ને? (શ્રી ચન્દ્રકાન્ત પટેલ તરફ જોઈ સુન્દરમ્ બોલ્યા). તેઓ કહે આ યોગમાં પ્રવેશ્યા પછી હું યુવાન બન્યો હોઉં એવું લાગે.

એવું બને છે કે જીવનનો ભાર માને માથે મૂકાઈ જાય છે. ઘડો સાગરની બહાર હોય ત્યાં સુધી ભારે લાગે. સાગરમાં મૂકો એટલે એનો ભાર ન લાગે. તેવું મા જોડે જોડાઈએ એટલે બને.

આ તો અમૃતત્વની સાધના છે. 'દક્ષિણા'માં તમારે સાધનાની નોંધપોથી વાંચવી જોઈએ.

✤







₹ 15.00